**સુવિચાર**
''સારા સમયે પડેલી હજારો તાળીઓ કરતાં, ખરાબ સમયે ખભે મુકાયેલો એક હાથ પૂરતો છે.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૨/૧૦/૨૦૨૬, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૨ આસો સુદ-૧૨ વર્ષ : ૧૭ અંક : ૨૬૨

## હોર્ડિંગ એજન્સીનાં સંચાલકો નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ

# સબ ભૂમિ ગોપાલ કી : અમરેલીમાં મનફાવે ત્યાં હોર્ડિંગ લગાવો કોઈ ચિંતા નથી

શહેરનાં માર્ગોનાં ડીવાઈડરનાં પોલ, વીજપોલ કે વૃક્ષો ઉપર લગાવો કોઈ પુછવાવાળુ જ નથી

જાહેરાતોની લ્હાયમાં જનસુરક્ષા કે ધારાધોરણોનાં નિયમોને નેવે મુકી દેવાયા

શહેરમાં ટ્રાફિકથી ધમધમતા ભીડભંજનથી ક્રિષ્ના પંપ સુધીનાં માર્ગો પરનાં હોર્ડિંગ હટાવો

ઠેબી જળાશયની ભયજનક ગોળાઈ ઉપર આડેધડ લાગેલ હોર્ડિંગથી અકસ્માતની સંભાવના




અમરેલી, તા. ૨૧

અમરેલી શહેર જાણે કે નધણિયાત હોય તેમ જેને જેમ ફાવે તેમ દબાણ કરે અને છતાં કોઈ પુછવાવાળુ જ નથી. શહેરની ભૂમિ પોતીકી સમજીને શહેરીજનોની ચિંતા કર્યા વગર ગમે તેમ દબાણ કરો કંઈ જ થવાનું નથી તેવું સૌ માની રહ્યા છે.

અમરેલી એ જિલ્લાનું મુખ્ય મથક છે. શહેરની જનસંખ્યાનો આંક દોઢ લાખને વટાવી ચુકયો છે. શહેરમાં નાના–મોટા વાહનોની સંખ્યા પણ હજારોની છે. તેવા સમયે શહેરમાં માર્ગો ખુલ્લા રહે, સુરક્ષિત રહે અને માર્ગ પર ચાલતા વાહનો કે પગપાળા ફરતાં નાગરિકોને કોઈ નુકસાન ન પહોંચે તે જોવાની જવાબદારી પાલિકા અને પોલીસ વિભાગની હોય છે.

અમરેલીમાં છેલ્લા થોડા વર્ષોથી અમુક હોર્ડિંગ એજન્સીઓ કે અમુક ખાનગી વેપારીઓ મનફાવે ત્યાં હોર્ડિંગ લગાવી દે છે.

જાણવા મળતી વિગતો

**અનુસંધાન પાના ૬ ઉપર**

### અમરેલી પેરોલ ફર્લો સ્કવોર્ડ ટીમની કામગીરી

## ધારી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ અપહરણનાં ગુન્હામાં ૪ માસથી નાસતા-ફરતા આરોપીની અટકાયત

### બગસરાનાં સમઢીયાળા ખાતેથી અટકાયત કરાઈ

અમરેલી, તા. ૨૧

અમરેલી પેરોલ ફર્લો સ્કવોર્ડ ટીમને હ્યુમન ઈન્ટેલીજન્સ તથા ટેકનીકલ સોર્સ મારફતે હકીકત મળેલ કે, ધારી પોલીસ સ્ટેશનનાં બીએનએસ ક. ૧૩૭ (૨), ૮૭ તથા પોકસો કલમ ૧૮નાં ગુન્હાનાં કામે નાસતો–ફરતો આરોપી અશ્વિનભાઈ ભીખાભાઈ



વાઘેલા (રહે. સમઢીયાળા તા. ગીર ગઢડા) તથા ભોગ બનનાર હાલ બગસરા તાલુકાનાં સમઢીયાળા ગામે હોવાની

**અનુસંધાન પાના ૬ ઉપર**

### રાજસ્થાનથી આવેલ શ્રમિકનું મોત

## બગસરાનાં કડાયા ગામે થ્રેસરમાં આવી જવાથી યુવકનુ કમકમાટીભર્યુ મોત

### નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ

અમરેલી, તા. ૨૧

રાજસ્થાનના વતની અને હાલ બગસરાના કડાયા ગામે રહેતા હરસુખભાઈ ધીરૂભાઈ દુધાતની

**અનુસંધાન પાના ૬ ઉપર**

બપોરે સ્પેશ્યલ ગુજરાતી થાળી
તેમજ પંજાબી મળશે...
॥ દેશી ટેસ્ટ, ઘર જેવી મજા ॥
પંજાબી ચાઈનીઝ કાઠિયાવાડી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ છે
શ્રી રઘુવીર
મો. ૮૧૪૦૯ ૦૦૦૯૩
કેરીયા રોડ બાયપાસ, તુલસી પાર્ટી પ્લોટ ની બાજુમાં અમરેલી
શ્રી રઘુવીર ફેમિલી ઢાબા

Super Splendor
75 km/l MILEAGE
Hero
Super JHAKAAS MILEAGE
On Road Price ₹91,999/-
SUPER SILENT START · SUPER NEW GRAPHICS · SUPER LED HEADLAMP
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Navnit Hero Mo. +91 92899 22254

અરે... વાહ...
૯,૯૯૯ સુધી
કરોડોની કિંમતના ઈનામો!
હા, સાચું વાંચ્યું.
તે પણ માત્ર ₹૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી કે એક્સચેન્જ પર
મધુવન
ટાવર રોડ, અમરેલી. 02792-222208
94264 23006
madhuvangold.in

ડોક્ટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. દેવાંગ ટાંક — ગેસ્ટ્રોલોજીસ્ટ — પેટ, આંતરડા તથા લીવરના રોગો અને એન્ડોસ્કોપીના નિષ્ણાંત — તા. ૨૨/૧૦/૨૦૨૬, ગુરૂવારે, સવારે ૧૦ થી ૧
ડો. આશુતોષ દુધાત્રા — ન્યુરો ફીજીશ્યન — મગજના રોગોના નિષ્ણાંત — તા. ૨૩/૧૦/૨૦૨૬, શુક્રવારે, સવારે ૧૧ થી ૧
ડો. અનિલ સાંજવા — પીડીયાટ્રીક સર્જન — નવજાત શિશુ તથા નાના બાળકોની સર્જરીના નિષ્ણાંત સર્જન — તા. ૨૩/૧૦/૨૦૨૬, શુક્રવારે, સાંજે ૫ થી ૬
ડો. કલ્પેશ બજાણીયા — ઓર્થો એન્ડ સ્પાઈન સર્જન — મણકા તથા કરોડરજ્જુની સર્જરીના નિષ્ણાંત — તા. ૨૪/૧૦/૨૦૨૬, શનિવારે, સવારે ૧૦ થી ૧૨
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪
ડોકટર હાઉસ અમરેલી — કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોકાસરા (M.S.) ડો. ક્રષ્ટિ પંડયા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ

હવે આપના અમરેલી જિલ્લાની નેત્ર ચિકિત્સા હોસ્પિટલમાં
મોઢા અને ગળાના કેન્સરના ઓપરેશન દ્વારા સારવાર
• જીભ તેમજ અન્ય મોઢાના અને ગળાના કેન્સરનું નિદાન અને સારવાર ની સુવિધા ઉપલબ્ધ.
• કાન -નાક -ગળા ને લગતી કોઈપણ તકલીફ માટે સારવાર રાહતદરે કરી આપવામાં આવશે.
આયુષ્માન ભારત યોજના
મેડિકલેઈમ સુવિધા
GSRTC (ST) માન્ય હોસ્પિટલ
ડો. હર્ષ બારોટ M.S., (ENT)
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી–૩૬૫૬૦૧ ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૨ / ૨૩૩૯૯૯
વધુ માહિતી માટે 99789 66629

# શ્રી બગસરા શરાફી સહકારી મંડળી દ્વારા સભાસદોને ૧૬% લેખે ફાળવેલ રૂપિયા ૫૧ લાખના ડિવિડન્ડનો શુભારંભ






તસ્વીર : સમીર વિરાણી–બગસરા

શ્રી બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી.ના હિસાબી વર્ષ ૨૦૨૫/૨૬ ના ચોખ્ખા નફો રૂા.૭.૭૨ કરોડના થવા પામેલ જેમાં મંડળીએ સહકાર વિભાગના પરિપત્રની મર્યાદામાં રહી સભાસદોને ૧૬% (સોળ ટકા) લેખે ડિવિડન્ડ વહેચણી કરવાના રૂા. ૫૧,૦૪,૫૧૨ (એકાવન લાખ ચાર હજાર પાંચસોહ બાર)ના શુભારંભ મંડળીના સ્થાપક ચેરમેન રશ્વિનભાઈ ડોડીઆના અધ્યક્ષ સ્થાને અરવિંદભાઈ મણીયાર ભવન ખાતે યોજાયેલ જેમાં મંડળીની પ્રગતિ અને સભાસદો ના વિશ્વાસ થકી સમગ્ર ગુજરાત ભરની શરાફી મંડળીમાં ' પ્રથમ નંબર' પ્રાપ્ત કરેલ છે. જેમાં સભાસદોનો વિસ એજ સહકાર થી સમૃપ્રધી તરફ જવાનો સાચો રસ્તો છે. તેમ ચેરમેન રશ્વિનભાઈ ડોડીઆ એ જણાવેલ. મંડળીના ૯ (નવ) શાખા માં એકી સાથે ડિવિડન્ડ ના શુભારંભના કાર્યક્રમો યોજાયેલ જેમાં અમદાવાદ બાપુનગર નિકોલમાં ધારાસભ્ય કંચનબેન રાદડીયા, શાખા એમ.ડી વિનુભાઈ રાદડીયા, શાખા એમ.ડી સુરેશભાઈ તોમર, ગુજરાત પ્રદેશ ભા.જ.પ. સહ પ્રવકતા રાજુભાઈ દેસાઈ, નિકોલ કોર્પોરેટર વિલાસબેન દેસાઈ, અસરવા કોર્પોરેટર અનસુયાબેન પટેલ,અમરેલી શાખા માં તજજ્ઞ ડિરેકટર શરદભાઈ લાખાણી, શાખા એમ.ડી તનસુખભાઈ ઠાકર, અમરવેલી શરાફી મંડળી ના ચેરમેન રેખાબેન માવડીયા, બગસરા શાખામાં નગરપાલીકા પ્રમુખ નિરવભાઈ ગોંડલીયા,ચેમ્બર ઓફ કોમસ ના પ્રમુખ દિનેશભાઈ હડીયલ, શાખા એમ.ડી મહેશભાઈ વ્યાસ, વડોદરા શાખામાં એમ.ડી દિલીપભાઈ નેપાળી, ધારી શાખામાં શાખા એમ.ડી કેતનભાઈ ધકાણ, તાલુકા ભા.જ.પ પ્રમુખ મુગેશભાઈ કોટડીયા, બજરંગ ગૃપ ના પ્રમુખ પરેશભાઈ પટ્ટણી, લીલીયા મોટા શાખામાં એમ.ડી પરીનભાઈ રાજપુરા, જીલ્લા પંચાયત સદસ્ય જીજ્ઞેશભાઈ સાવજ, સરપંચ વિજયભાઈ સેખલીયા, રાજકોટ શાખામાં એમ.ડી. અરવિંદભાઈ નાગ્રેચા ચલાલા શાખામાં એમ.ડી. જયોતીકાબેન રાવલ, નગરપાલીકા પ્રમુખ જયરાજભાઈ વાળા, ગાયત્રી શકિત પીઠ ના સંચાલક રતિદાદા મહેતા તેમજ તમામ શાખાના ડિરેકટરો, એડવાઈઝરી બોડ મેમ્બર, તથા તમામ શાખા સેક્રેટરીઓ કર્મચારીઓ સભાસદો ડિવિડન્ડ વિતરણ સમારોહ વેળાએ હાજર રહેલ. આ કાર્યક્રમનુ સફળ સંચાલન જનરલ એમ.ડી નિતેષ ડોડીઆ તેમજ જનરલ સેક્રેટરી ડી.જી.મહેતાએ કરેલ અને આભારવિધી પુવ ડીરેકટર હરિભાઈ ભટ્ટી દ્વારા કરવામાં આવેલ તેમ જનરલ આસિ. સેક્રેટરી પ્રવિણસિહ રાઠોડની યાદી એ જણાવેલ છે.

### ગેરકાયદેસર મંડળી રચી જુની અદાવત ખૂનીખેલમાં ફેરવાઈ હતી

## લીલીયાનાં સનાળીયા ગામે બનેલ હત્યાનાં ગુન્હામાં સ્પે. પી.પી. તરીકે એડવોકેટ ઉદયન ત્રિવેદીની નિમણૂંક

### ગુન્હાની ગંભીરતાને લઈને ગૃહ વિભાગનો નિર્ણય

અમરેલી,તા.૨૧

લીલીયાનાં સનાળીયા ગામે હત્યાનાં બનાવમાં રાજયનાં ગૃહ વિભાગે અમરેલીનાં જાણીતા એડવોકેટ ઉદયન ત્રિવેદીની સ્પે. પી.પી. તરીકે નિમણૂંક કરેલછે.

વિગતએવાપ્રકારનીછેકે,આ કામનાફરિયાદીયુવરાજભાઈભરતભાઈ ઢીમેચા કે જે લીલીયા તાલુકાના સનાળીયા ગામના રહેવાસી છે.

તેમણે આજથી આશરે દોઢેક વર્ષ પહેલા અજયભાઈ ભીખાભાઈ મકવાણાના નામ પર સ્પ્લેન્ડર મોટર સાઈકલ ફાઈનાન્સથી લીધેલ હતું. તા. ૧૨/૪/૨૦૨૬નાં રોજ બપોરના માવો ખાવા જતા હતા. અજયભાઈ મકવાણાનો ભાઈ સાગરભાઈ ભીખાભાઈ મકવાણા તેને ફરિયાદીને બે ઝાપટ મારી અને ગાળો આપેલ અને ત્યારબાદ ખોડલ હોટલે ફરી વખત આ લોકો ભેગા થયેલ હોય તે વખતે સાગર મકવાણા આવી ગયેલ અને તે એકદમ ઉગ્ર થઈ જતાં ફરિયાદી તથા આરોપી વચ્ચે ઝપાઝપી થયેલ.

બાદ બપોરના આશરે ચારેક વાગ્યાના અરસામાં ફરિયાદીનાં ઘરની બહાર ગાળો બોલવાનો અવાજ આવતા ફરિયાદી તથા તેના ઘરના લોકો ઘરની બહાર આવતા સામેથી સાગરભાઈ મકવાણા તેના હાથમાં લોખંડનો પાઈપ તથા પ્રકાશભાઈ ખોડાભાઈ મકવાણા



કુહાડી લઈ તથા મીલનભાઈ બાલાભાઈ મકવાણા લોખંડની પાઈપ લઈ તથા હરેશભાઈ ખોડાભાઈ મકવાણા લાકડાનો ધોકો લઈ તથા વિશાલભાઈ ખોડાભાઈ મકવાણા લોખંડનો પાઈપ લઈ એકદમથી ઉગ્ર થઈ મહેન્દ્રભાઈને મારી નાખવાના ઈરાદે કુહાડીનો એક ઘા મહેન્દ્રભાઈના માથાના ભાગે મારી દીધેલ. જેથી મહેન્દ્રભાઈને માથામાંથી લોહી નિકળવા લાગેલ અને નીચે પડી ગયેલ અને ફરિયાદી તથા તેના કુટુંબીને ગુજરનારને વધુ માર મારવાથી બચાવવા વચ્ચે પડતા સાગર મકવાણા તથા મીલન મકવાણા તથા હરેશ મકવાણા તથા વિશાલ મકવાણા એ રીતેના બધા તેઓના હાથમાં રહેલ હથીયારો વડે ફરિયાદી તથા તેના માતાના શરીરે આડેધડ માર મારેલ હતો. ગુજરનાર મહેન્દ્રભાઈનું સારવાર દરમિયાન મોત થયેલ હતું તે બાબતની ફરિયાદ લીલીયા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ હતી.

તે અન્વયે અમરેલીનાં એસ.પી. સંજય ખરાતનાં માર્ગદર્શન નીચે પીઆઈ એમ.ડી. સાળુંકેએ સઘન તપાસ શરૂ કરેલી. ત્યારબાદ તેમની ટીમે આરોપીઓની ધરપકડ કરેલી અને સઘન તપાસ કરેલી. (૧) સાગરભાઈ ભીખાભાઈ મકવાણા (૨) પ્રકાશભાઈ ખોડાભાઈ મકવાણા (૩) મીલનભાઈ બાલાભાઈ મકવાણા (૪) હરેશભાઈ ખોડાભાઈ મકવાણા (૫) વિશાલભાઈ ખોડાભાઈ મકવાણા (૬) અજયભાઈ ભીખાભાઈ મકવાણા સામે બીએનએસની કલમ–૧૦૩(૧), ૧૦૯(૧), ૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૧૮૯(૨), ૧૯૦, ૧૯૧(૨), ૧૯૧(૩), ૬૧(૨), ૩(૫) તથા જીપી એકટની કલમ–૧૩૫ મુજબનું ચાર્જશીટ કરવામાં આવેલ હતું.

આ બનાવ હાલ સમગ્ર અમરેલી પંથકમાં તથા સમગ્ર સૌરાષ્ટ્રમાં ચર્ચાસ્પદ બનેલ.

સરકારે બનાવની ગંભીરતાને ધ્યાને લઈ ગુજરાત સરકારનાં હોમ ડીપાર્ટમેન્ટ ધ્વારા આ કામે સ્પેશ્યલ પી.પી. તરીકે અમરેલીનાં એડવોકેટ કે જેમણે ઘણા કિસ્સામાં સ્પે. પી.પી. તરીકે સફળતાપૂર્વક કામગીરી કરી આરોપીઓને સખ્ત સજા કરાવેલ છે તેવા એડવોકેટ ઉદયન ત્રિવેદીની સ્પેશ્યલ પી.પી. તરીકે નિમણૂંક કરવામાં આવેલ છે અને તંત્રના સબંધિત તમામ ડીપાર્ટમેન્ટને જાણ કરેલ છે.

### ભુવા ઉપર હુમલા અંગે

## અમરેલી સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુન્હાનાં આરોપીની અટકાયત

અમરેલી, તા. ૨૧

અમરેલીના સાવરકુંડલા રોડ ઉપર રેલવે ફાટક પાસે પાણીના ટાંકા પાસે રહેતા આરોપી દેવાભાઈ રૂડાભાઈ માથાસુળીયાને માતાજીના ભુવા બનવું હોય પરંતુ હાલ દિવ ખાતે સાઈબાંબાના મંદિર પાસે, દિવના ઝાપાની બાજુમાં રહેતા મુળ અમરેલીના સાવરકુંડલા રોડ, લીલાનગર પાણીના ટાંકા પાસે રહેતા ધીરૂભાઈ નરશીભાઈ માથાસુળીયા નામના ૬૫ વર્ષીય વૃદ્ધ માતાજીના ભુવા બની જતા અને તે વૃદ્ધ અમરેલી આવતા આરોપીએ તે વાતનો ખાર રાખી આરોપી આ વૃદ્ધને પોતાના ઘરે લઈ જઈ ગેરકાયદેસર રીતે અટકાયત કરી ઘરેથી છરી લઈ વૃદ્ધને મારી નાખવાના ઈરાદે માથાના ભાગે મારતા મરણતોલ ગંભીર ઈજા કરેલ હતી.

આ ગુન્હામાં આરોપી દેવા રૂડાભાઈ માથાસુળીયા પોતાની



કાયદેસરની ધરપકડ ટાળવા નાસતા ફરતો હોય આરોપીને પકડવા સારૂ અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એમ.એમ.ઝાલાના માર્ગદર્શન હેઠળ અમરેલી સીટી પોલીસ ટીમ દ્વારા આરોપીને શોધી કાઢી આરોપી પાસેથી ગુન્હો કરતી વખતે ઉપયોગમાં લીધેલ હથીયાર તથા મોટર સાયકલ કબ્જે કરી આરોપી વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી કરેલ છે.

### જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા બદલીનો આદેશ

## અમરેલી જિલ્લામાં પોલીસ વિભાગમાં મોટો ફેરફાર ૧૨ પોલીસ અધિકારીઓની અરસ પરસ બદલી

### લાઠી, બગસરા, અમરેલી રૂરલ સહિત વિવિધ પોલીસ મથકોમાં નવી જવાબદારીઓ સોંપાઈ

અમરેલી, તા. ૨૧

અમરેલી જિલ્લામાં પોલીસ વિભાગમાં વહીવટી વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવા માટે પી.આઈ. અને પી.એસ.આઈ. કક્ષાના કુલ ૧૨ અધિકારીઓની આંતરિક બદલી કરવામાં આવી છે. જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા કરવામાં આવેલા આ બદલીના આદેશથી લાઠી, બગસરા, અમરેલી શહેર, અમરેલી રૂરલ, લીલીયા, વંડા અને સાવરકુંડલા સહિતના પોલીસ મથકો તથા વિવિધ શાખાઓમાં અધિકારીઓની જવાબદારીઓમાં ફેરફાર થયો છે.

બદલીના આદેશ મુજબ લાઠીના પી.આઈ. એમ.બી. ઓસુરાને બાબરા ખાતે મૂકવામાં આવ્યા છે, જયારે બાબરાના પી.આઈ. આર.આર. પરમારને અમરેલી શહેરમાં બદલી કરવામાં આવી છે. અમરેલીના પી.આઈ. એમ.એમ. ઝાલાને લાઠી ખાતે જવાબદારી સોંપવામાં આવી છે.

અમરેલી રૂરલના ઓ.કે. જાડેજાને બગસરા ખાતે મૂકવામાં આવ્યા છે, જયારે બગસરાના પી.આઈ. વી.કે. ગોલેતરકરને રીડર શાખામાં અને રીડર શાખાના આર.વાય. રાવલને અમરેલી રૂરલમાં મૂકવામાં આવ્યા છે.

આ ઉપરાંત લીલીયાના એમ.ડી. સાળુંકેને એન્ટી નાર્કોટિકસ વિંગમાં તથા વંડાના પી.એસ.આઈ. પી.જે. રામાણીને લીલીયા પોલીસ મથકના ઈન્ચાર્જ પી.આઈ. તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. પેરોલ ફર્લો સ્કવોડના એન.જી. સાપરાને વંડાના ઈન્ચાર્જ પી.આઈ. તરીકે મૂકવામાં આવ્યા છે. અમરેલી સીટીના પી.એસ. આઈ. એન.બી. ભટ્ટને પેરોલ ફર્લો સ્કવોડમાં બદલી કરવામાં આવી છે. જયારે સાવરકુંડલા રૂરલના બી.પી. પરમારને સાવર કુંડલા ટાઉન ખાતે મૂકવામાં આવ્યા છે, જયારે સાવરકુંડલા ટાઉનના એચ.એમ. અગ્રાવતને સાવરકુંડલા રૂરલમાં જવાબદારી સોંપવામાં આવી છે.

અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા કરવામાં આવેલા આ આંતરિક બદલીના આદેશને પગલે હવે સંબંધિત પોલીસ મથકો અને શાખાઓમાં નવી જવાબદારીઓ સાથે અધિકારીઓ કામગીરી સંભાળશે.

### પરંપરા અને આસ્થાનો અનોખો સંગમ

## અમરેલીમાં બ્રહ્મક્ષત્રિય સમાજની સૌથી પ્રાચીન ગરબીનું આયોજન



અમરેલી, તા. ૨૧

નવરાત્રિના પાવન અવસરે અમરેલી બ્રહ્મક્ષત્રિય સમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ શહેરની સૌથી જૂની અને ઐતિહાસિક ગરબીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.વર્ષો જૂની પરંપરા અને સાંસ્કૃતિક વારસાને જાળવી રાખીને, આ ગરબીમાં આજે પણ અર્વાચીનતા અને કોમર્શિયલા ઈઝેશનથી દૂર રહીને શુદ્ધ પ્રાચીન ગરબાઓની રમઝટ બોલાવવામાં આવે છે.

આ ગરબી માત્ર એક ઉત્સવ નથી, પરંતુ અમરેલીના બ્રહ્મક્ષત્રિય સમાજની એકતા, સંસ્કૃતિ અને આસ્થાનું જીવંત પ્રતીક છે. આ નવરાત્રી મહોત્સવમાં સમાજના નાના ભૂલકાઓથી લઈને યુવાનો અને વડીલો સૌ કોઈ ભારે ઉત્સાહભેર અને પરંપરાગત પોશાકમાં ભાગ લે છે. માતાજીની આરાધના અને ભક્તિભાવ સાથે રમાતા આ ઐતિહાસિક ગરબાનો નજારો જોવા માટે લોકો મોટી સંખ્યામાં ઉમટી પડે છે.

બ્રહ્મક્ષત્રિય સમાજ, અમરેલીના હોદ્દેદારો અને યુવા કમિટીના સભ્યો દ્વારા આ નવરાત્રી મહોત્સવને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવવામાં આવી રહી છે. સમાજના તમામ ભાઈ–બહેનોને આ પાવન અવસરે માતાજીના દર્શન, આરતી અને ગરબાનો લાહવો લેવા માટે આયોજકો દ્વારા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### તાલુકા કોંગ્રેસ પ્રમુખે કૃષિ મંત્રીને પત્ર પાઠવ્યો

## ટેકાનાં ભાવે મગફળીની ઓનલાઈન ખરીદીની નોંધણી માટે સમય મર્યાદા વધારો

### ખેડૂતોનાં હિતમાં નિર્ણય કરવા માંગ

અમરેલી, તા. ૨૧

ગુજરાત સરકાર ધ્વારા ખેડૂતોને મગફળીનાં પોષણક્ષમ ભાવ મળી રહે તે હેતુથી ટેકાનાં ભાવે મગફળીની ખરીદી માટે ઓનલાઈન નોંધણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ નોંધણી માટેની છેલ્લી તારીખ તા. ૨૫/૧૦/૨૬ નક્કી કરવામાં આવી છે. પરંતુ અમરેલી તાલુકાનાં અનેક ખેડૂતો ઓનલાઈન નોંધણી કરાવતી વખતે AUTOAPROVEL પ્રક્રિયામાં નોંધણી અટકી જવાની સમસ્યાનો સામનો કરી રહ્યા છે. પરીણામે સમયસર નોંધણી કરાવવાની ઈચ્છા અને પ્રયત્નો હોવા છતાં તેમની નોંધણી પૂર્ણ થતી નથી. આ પરિસ્થિતિને કારણે ખેડૂતોમાં ચિંતા ફેલાઈ છે અને તેઓ સરકારની ટેકાનાં ભાવની ખરીદી યોજનાનો લાભ મેળવવાથી વંચિત રહી જાય તેવી શકયતા ઊભી થઈ છે. આથી અમરેલી તાલુકા સહિત જરૂરીયાત ધરાવતા વિસ્તારોમાં મગફળીની ઓનલાઈન નોંધણીની સમય મર્યાદા લંબાવવામાં આવે. જેથી બાકી રહેલા ખેડૂતોને નોંધણી પૂર્ણ કરવાની પુરતી તક મળી રહે તેમ તાલુકા કોંગ્રેસ પ્રમુખ વિપુલ પોંકિયાએ માંગ કરી છે.

### જિલ્લા કલેકટરની મુલાકાત સમયે જ

## વડિયામાં યુવાનોને ગાંજાનાં વ્યસનથી બચાવવા માટે સોશ્યલ મીડિયામાં પોસ્ટ વાયરલ

### સ્થાનિક પોલીસે ગાંજા અંગે તપાસ શરૂ કરવી જરૂરી

વડિયા, તા. ૨૧

અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયામાં જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ મુલાકાતે હતા ત્યારે જ વડિયાના જાગૃત નાગરિક અને પીઢ પત્રકાર દ્વારા સોશ્યલ મીડિયામાં વડિયાની યુવા પેઢી, વિદ્યાર્થીઓ ગાંજાના વ્યસનથી બરબાદ થતી હોવાની હૈયા વરાળ ઢ ાલવીને વડિયામાં જુદી જુદી જગ્યાએ ગાંજો પીવાવાળાના મેળાવળા જામતા હોવાની અને પોલીસ તેને અટકાવશે ખરી ? તેવી એક પોસ્ટર રૂપે પોસ્ટ વાઈરલ થતા સમગ્ર પંથકમાં ખળભળ ાટ મચવા પામ્યો હતો. જાગૃત નાગરિકની પોસ્ટમાં વડિયામાં આઈટીઆઈ, હાઈસ્કૂલ અને કોલેજમાં અભ્યાસ કરવા વિવિધ ગામડાઓમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ આવે છે. ત્યારે આ વિદ્યાર્થીઓ પણ ગાંજાના રવાડે ચડે તે પહેલા તેને બચાવવાં જરૂરી છે. જોકે અગાઉ પણ વડિયાના પત્રકારો દ્વારા ગાંજાના વ્યસન અને વેચાણ બાબતે સૂત્રો પાસેથી માહિતીઓ પ્રાપ્ત થતા તપાસ કરી કડક કાર્યવાહી કરવા રજુઆત કરવામાં આવી હતી પરંતુ પત્રકારોની રજુઆતને અવગણી વડિયા પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી ના હોવાથી હવે સોશ્યલ મીડિયામાં વડિયાની સમસ્યાઓને વાચા આપવા પોસ્ટ વાઈરલ થતી જોવા મળી રહી છે. ત્યારે જો આ પોસ્ટરમાં જણાવેલ તમામ માહિતીની તટસ્થ તપાસ કરવી જરૂરી બને છે અને જો માહિતી સત્ય હોય તો યુવાધનને બરબાદ થતુ બચાવવા પોલીસે કાર્યવાહી કરવી અત્યંત જરૂરી છે.

ત્યારે આ પોસ્ટે અનેક પ્રશ્નો ઉભા કાર્યા છે કે શું વડિયામાં ગાંજા પીવાવાળાના મેળાવડા થાય છે ? શું ગાંજાના રવાડે યુવાધન ચડયું છે ? આ ગાંજો કયાંથી આવે છે ? શું પોલીસ આવી ગંભીર ઘટનાઓથી અજાણ છે ? શું પોલીસને ગાંજાના વેચાણ બાબતે કોઈ જાણકારી નથી ? જો વડિયામાં ગાંજાનુ વેચાણ અને સેવન થતુ હોય તો પોલીસ કેમ કાર્યવાહી કરતી નથી ? આ પોસ્ટરથી ઉભા થયેલા તમામ પ્રશ્નોનુ નિરાકરણ લાવવા માટે પોલીસની તટસ્થ તપાસ અને સખત કાર્યવાહીની જરૂર છે. ત્યારે આ બાબતે પોલીસ શું કાર્યવાહી કરે છે તે તો આવનારો સમય જ બતાવશે ? પરંતુ હાલ આ સોશ્યલ મીડિયા પોસ્ટથી પોલીસની કામગીરી સામે ગંભીર સવાલો ઉભા થતા હોય તેવુ જોવા મળી રહ્યું છે.

# સારહિ યુથ કલબ ઓફ અમરેલી દ્વારા શેરી ગરબીના આયોજકોને પ્રોત્સાહન સાથે નવરાત્રિની ગરિમા જાળવવા અપીલ






અમરેલીઃ નવરાત્રી એ શક્તિ ઉપાસના, માતાજીની આરાધના અને આપણી પ્રાચીન સંસ્કૃતિ તથા પરંપરાનું પર્વ છે. આ પર્વનીગરિમા જળવાઈ રહે અને પરંપરાગત રાસ–ગરબાની સંસ્કૃતિને પ્રોત્સાહન મળે તેવા શુભ આશયથી સારહિ યુથ કલબ ઓફ અમરેલી દ્વારા સારહિ યુથ કલબ ઓફ અમરેલીના પ્રમુખ મુકેશભાઈ સંઘાણીના માર્ગદર્શનમાં અમરેલી શહેરમાં યોજાતી વિવિધ શેરી ગરબીઓની મુલાકાત લેવામાં આવી હતી. આ પ્રસંગે કલબના સભ્યોએ ગરબીએ ગરબીએ જઈને પરંપરાગત રાસ–ગરબાનું આયોજન કરતા આયોજકોને પ્રોત્સાહિત કર્યા હતા. સાથે જ શસ્ત્રપૂજન કરી આપણી પ્રાચીન પરંપરા, શૌર્ય અને શક્તિ ઉપાસનાના સંસ્કારોને ઉજાગર કરવાનો પ્રયાસ કર્યો હતો.માતાજી ને પ્રસાદ ધર્યો હતો અને સન.માન પત્ર અર્પણ કર્યૂ હતું. સારહિ યુથ કલબ દ્વારા તમામ શેરી ગરબીના આયોજકોને નમ્ર અપીલ કરવામાં આવી હતી કે નવરાત્રી એ માતાજીની આરાધના અને શક્તિ ઉપાસનાનું પવિત્ર પર્વ છે. તેથી આ પવિત્ર પર્વની ગરિમાને અનુરૂપ પરંપરાગત ગરબા, માતાજીનાં ભક્તિગીતો અને પ્રાચીન રાસ– ગરબાને પ્રાધાન્ય આપવામાં આવે. નવરાત્રીના પવિત્ર માહોલમાં ફિલ્મી ગીતો વગાડવાનું ટાળીને આપણી ધાર્મિક ભાવના, સંસ્કૃતિ અને પરંપરાનું જતન કરવામાં આવે. આપણી સંસ્કૃતિ અને પરંપરાનું જતન કરવું એ માત્ર કોઈ એક સંસ્થા કે સમિતિની નહીં, પરંતુ સમગ્ર સમાજની સહિયારી જવાબદારી છે.યુવા પેઢી આપણી પરંપરાના મૂળ ભૂત મૂલ્યોને ઓળખે અને આવનારી પેઢી સુધી આ અમૂલ્ય સાંસ્કૃતિક વારસો પહોંચે તે માટે સેએ સાથે મળીને પ્રયત્ન કરવો જોઈએ. સારહિ યુથ ક્લબ ઓફ અમરેલીનો સંકલ્પ છે કે નવરાત્રિની પવિત્રતા, માતાજીની આરાધના અને આપણી પરંપરાગત સંસ્કૃતિનું ગૌરવ જળવાઈ રહે તથા સમાજમાં ધર્મ, સંસ્કાર અને એકતાની ભાવના વધુ મજબૂત બને.જેને સફળ બનાવવા દિલીપસિંહ ઠાકોર સુરેશભાઈ શેખવા સાગર ગેડીયા નિખિલભાઈ આસર પ્રશાંત પરમાર અજયરાઠોડ હિતેશભાઈ મહેતા સંજયભાઈ પંડયા ગૌરવભાઈ મહેતા, સહદેવભાઈ મકવાણા, નરેન્દ્ર સિંહ પરમાર, વિશાલભાઈ ઠાકર, લક્ષ્મણભાઈ બગડા, જીતુભાઈ બથવાર, રસિકભાઈ દાફડા, જીગ્નેશ દાફડા, ચોટલીયા હીતેશ, ઓમભાઈ નાયક વિનાયકભાઈ, દેવેન્દ્રભાઈ ચાવડા ચિરાગભાઈ ચાવડા દીલાભાઈ વાળા, પ્રકાશભાઈ શુકલ, પ્રતાપસિંહ રાઠોડ, ઉદયભાઈ રાજપુત વસંતભાઈ માંગરોળીયા ચીમનભાઈ પટોળીયા હરેશભાઈ સુખડિયા, હરેશભાઈ ડોબરીયા, મુકેશ ચૌહાણ જહેમત ઉઠાવી હતી.

### આગામી ૨૫ ઓક્ટોબરને રવિવારે

# ધારીનાં દેવળા ગામે સમસ્ત રૂપારેલીયા પરિવારનાં કુળદેવી શ્રી ભવાની માનાં મંદિરે પાટોત્સવ યોજાશે

## હવન-મહાપ્રસાદ અને બીડૂ હોમ સહિતના કાર્યક્રમો યોજાશે

અમરેલી, તા. ૨૧

અમરેલી જિલ્લાના ધારી તાલુકાના દેવળા ગામે આવેલા કુળદેવી શ્રી ભવાની માતાજીના મંદિરે આગામી તા. ૨૫ રવિવારના રોજ સમસ્ત રૂપારેલિયા (રઘુવંશી) પરિવાર દ્વારા કુળદેવી શ્રી ભવાની માતાજીનો વાર્ષિક પાટોત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવશે. આ પ્રસંગે હવન, મહાપ્રસાદ સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.



સમસ્ત રૂપારેલિયા પરિવારના આરાધ્ય દેવી શ્રી ભવાની માતાજીના પાટોત્સવ નિમિત્તે પરિવારજનોમાં ધાર્મિક ઉત્સાહ જોવા મળી રહ્યો છે. માતાજીના આશીર્વાદ અને પ્રેરણાથી યોજાનારા આ પાવન પ્રસંગે પરિવારના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિતરહી ધર્મલાભ લેશે.

આ પાટોત્સવ અંતર્ગત આગામી રવિવારે સવારે ૮ વાગ્યે હવનનો પ્રારંભ થશે. ત્યાર બાદ સવારે ૧૧:૩૦થી બપોરે ૧:૩૦ વાગ્યા સુધી રૂપારેલિયા પરિવાર માટે ફરાળનો કાર્યક્રમ યોજાશે. સાંજે ૪ વાગ્યે બીડું હોમ અને સાંજે ૫:૩૦ વાગ્યે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

સમસ્ત રૂપારેલિયા પરિવાર દ્વારા આયોજિત આ પાટોત્સવમાં ભાવિકોને ઉપસ્થિત રહી માતાજીનાં દર્શન કરી ધર્મલાભ લેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. મંદિરની પવિત્રતા અને ધાર્મિક પરંપરાને ધ્યાનમાં રાખીને કાળા રંગનાં કપડાં પહેરીને મંદિરમાં પ્રવેશ ન કરવા આયોજક પરિવાર દ્વારા ભાવિકોને નમ્ર વિનંતી કરવામાં આવી છે. આ સમસ્ત કાર્યક્રમ અને પાટોત્સવનું સ્થળ શ્રી ભવાની માતાજી મંદિર, (મુ. દેવળા, તા. ધારી, જિ. અમરેલી) છે. તેમ મુકેશભાઈ રૂપારેલિયા, હિંમતલાલ રૂપારેલિયા તથા બિપીનભાઈ રૂપારેલિયાએ જણાવ્યું છે.

### શકિતની ઉપાસના, ભકિત, આસ્થા અને નારી શકિતના સન્માન સાથે

# બાબરા ખાતે શ્રી વડલીવાળી મેલડી માના ધામે નવરાત્રિ મહોત્સવનું સમાપન થયું

## ૧૦ હજારથી વધુ દીકરીઓને લ્હાણી વિતરણ કરાયું

બાબરા, તા. ૨૧

શક્તિની ઉપાસના, ભક્તિ, આસ્થા અને નારીશક્તિના સન્માનના પાવન પર્વ સમાન નવરાત્રિ મહોત્સવનું બાબરા નજીક નિલવલા રોડ પર તળાવના કાંઠે બિરાજમાન શ્રી વડલીવાળી મેલડીમા ધામે ભવ્ય સમાપન થયું હતું. માતાજીના પરમ ઉપાસક રાજુભાઈ જેઠવા દ્વારા આયોજિત આ નવરાત્રિ મહોત્સવમાં હજારો દીકરીઓ અને મહિલાઓએ માતાજીના સાનિધ્યમાં રાસ-ગરબે રમી ધન્યતા અનુભવી હતી. મહોત્સવના અંતિમ દિવસે માતાજીના ઉપાસક રાજુભાઈ જેઠવાના હસ્તે દીકરીઓને લ્હાણી અર્પણ કરવામાં આવી હતી.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા



બાબરા શહેરથી આશરે ચાર કિલોમીટર દૂર નિલવલા રોડ પર તળાવના કાંઠે આવેલા શ્રી વડલીવાળી મેલડીમા ધામે નવરાત્રિ દરમિયાન ભક્તિ અને શક્તિની આરાધનાનો અનોખો માહોલ સર્જાયો હતો. માતાજીના પરમ ઉપાસક રાજુભાઈ જેઠવા દ્વારા આયોજિત આ મહોત્સવમાં દસ હજારથી વધુ દીકરીઓનું રજિસ્ટ્રેશન થયું હતું. ખાસ વાત એ હતી કે મહોત્સવમાં કોઈપણ પ્રકારની પ્રવેશ ફી કે ફાળો લીધા વિના દીકરીઓ અને મહિલાઓને નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવતો હતો. માત્ર દીકરીઓ અને મહિલાઓ જ ગરબી રમી શકે અને રાસ-ગરબાની રમઝટ માણી શકે તેવી વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી.

નવરાત્રિના નવ દિવસ દરમિયાન દરરોજ સાંજે હજારોની સંખ્યામાં દીકરીઓ અને મહિલાઓ માતાજીની આરાધના સાથે રાસ- ગરબે રમતી હતી. મહોત્સવમાં ભાગ લેનાર દીકરીઓ માટે મંદિર તરફથી દરરોજ મહાપ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. એટલું જ નહીં, મોડી રાત્રે પણ નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવતી હતી, જેથી માતાજીના સાનિધ્યમાં આવેલા ભક્તોને કોઈ અગવડતા ન પડે.

આ સમગ્ર મહોત્સવ દરમિયાન મહિલાઓની સુરક્ષાને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. મહિલા પોલીસ, હોમગાર્ડ અને સેવક મંડળના સભ્યો સતત કાર્યરત રહી વ્યવસ્થાને સુચારૂ બનાવવામાં સહયોગ આપતા હતા. ધાર્મિક આસ્થા સાથે દીકરીઓની સુરક્ષા, સુવિધા અને સન્માનને કેન્દ્રમાં રાખીને યોજાયેલા આ મહોત્સવે સમાજમાં એક સુંદર સંદેશ આપ્યો હતો.

નવરાત્રી મહોત્સવના અંતિમ દિવસે માતાજીના સાનિધ્યમાં ગરબે રમેલી દરેક દીકરી અને મહિલાને વિશેષ લ્હાણી આપવામાં આવી હતી. માતાજીના ઉપાસક રાજુભાઈ જેઠવાના હસ્તે દરેકને ત્રણ સ્ટીલના ડબ્બા, બે સ્ટીલની પેટી અને એક ચાંદીની ચૂંક મળી કુલ છ વસ્તુઓનો સેટ અર્પણ કરવામાં આવ્યો હતો.

હજારો દીકરીઓને આ રીતે લ્હાણી અર્પણ કરીને રાજુભાઈ જેઠવાએ દીકરીઓ પ્રત્યેનો સ્નેહ, સન્માન અને માતાજી પ્રત્યેની પોતાની અતૂટ શ્રદ્ધા વ્યક્ત કરી હતી. ધાર્મિક ઉત્સવને માત્ર રાસ-ગરબા પૂરતો સીમિત ન રાખતાં દીકરીઓના સન્માન અને સેવા સાથે જોડવાનો આ પ્રયાસ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો.

મહોત્સવના સફળ આયોજન અને સુચારૂ સંચાલનમાં સહયોગ આપનાર તમામ સેવકો, સ્થાનિક પોલીસ તંત્ર, પત્રકાર મિત્રો તથા પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સહયોગીબનેલા તમામ લોકોનો માતાજીના ઉપાસક રાજુભાઈ જેઠવાએ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. સૌના સહયોગ, સેવા અને સમર્પણથી નવરાત્રી મહોત્સવ ભક્તિમય વાતાવરણમાં સંપન્ન થયો હોવાનું તેમણે જણાવ્યું હતું. શક્તિની આરાધના સાથે દીકરીઓનું સન્માન, નિઃસ્વાર્થ સેવા અને સામાજિક સમરસતાનો સંદેશ આપતો શ્રી વડલીવાળી મેલડી મા ધામનો આ નવરાત્રી મહોત્સવ બાબરા પંથકમાં ધાર્મિક આસ્થા અને સેવાભાવનું પ્રેરણાદાયી ઉદાહરણ બની રહ્યો હતો. માતાજીના આશીર્વાદ સાથે દીકરીઓના ચહેરા પર ખુશી લાવવાનો આ સેવાયજ્ઞ ભક્તિની સાથે માનવતાની સુવાસ પણ પ્રસરાવી ગયો હતો.


આદુ-મરચાથી ભરપુર સ્પે. વાટીદાળના ખમણ
તેમજ સ્પે. નાયલોન ખમણ મળશે
દાનગીગેવ ખમણ હાઉસ
અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)
સ્ટેશન રોડ, લક્ષ્મીનારાયણ મંદિરની સામે, અવધ ડેરી ફાર્મની બાજુમાં, અમરેલી
મો. ૯૯૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૯૪૦૪૧

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241


# લાલકા ગામે મોકાણી ખાચર પરિવારનાં કુળદેવીમા ચામુંડાનાં મંદિરે ચંડી યજ્ઞ યોજાયો





બાબરા, તા. ૨૧

બાબરા તાલુકાનાં લાલકા ગામે આવેલ મોકાણી ખાચર પરિવારના કુળદેવી માં ચામુંડાનાં પવિત્ર મંદિર ખાતે ધાર્મિક આસ્થા અને ભક્તિભાવ સાથે ચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક પ્રસંગે વિવિધ ગામોમાં વસવાટ કરતા મોકાણી ખાચર પરિવારનાં ભાઈઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને ચંડી યજ્ઞમાં ભાગ લઈ માતાજીનાં ચરણોમાં આહુતિ અર્પણ કરી ધન્યતા અનુભવી હતી.

માં ચામુંડાનાં સાંનિધ્યમાં યોજાયેલા આ ધાર્મિક યજ્ઞનાં પગલે સમગ્ર મંદિર પરિસર ભક્તિમય વાતાવરણથી ગુંજી ઊઠયું હતું. યજ્ઞનાં માધ્યમથી પરિવારની સુખ-શાંતિ, સમૃદ્ધિ, આરોગ્ય અને સર્વાંગી કલ્યાણ માટે પ્રાર્થનાં કરવામાં આવી હતી. કુળ દેવી પ્રત્યેની અતૂટ શ્રદ્ધા અને આસ્થાનાં પ્રતીક સમાન આ આયોજનથી પરિવારનાં સભ્યોમાં ધાર્મિક ભાવના સાથે એકતા અને ભાઈચારાની લાગણી પણ વધુ મજબૂત બની હતી.

આ પ્રસંગે ઉપસ્થિત પરિવારજનો માટે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સૌએ ભાવપૂર્વક મહાપ્રસાદનો લાભ લીધો હતો.

આમ, લાલકા ગામે કુળ દેવી માં ચામુંડાનાં સાનિધ્યમાં યોજાયેલ ચંડી યજ્ઞ ધાર્મિક શ્રધ્ધા, પારિવારિક એકતા અને સામાજિક સદભાવનાનું પ્રતીક બન્યો હતો.


''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઈ-મેઈલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ''દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.



ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪


### બાળકો દ્વારા ''જોધા બાદશાહ'' નાટકની પ્રસ્તુતિ

# બાબરાની ચિત્રકૂટ સોસાયટીમાં નવરાત્રિ મહોત્સવની ઉજવણી

## યુવા કલાકારોનું સન્માન અને દીકરીઓને લ્હાણીનું વિતરણ

બાબરા, તા. ૨૧

શહેરનાં રામનગર વિસ્તારમાં આવેલી ચિત્રકૂટ સોસાયટીમાં નવરાત્રિ પર્વની ભક્તિભાવ અને હર્ષોલ્લાસ સાથે ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. નવરાત્રિનાં અંતિમ દિવસે સોસાયટીનાં રહીશો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બાળકોએ પોતાની કલાત્મક પ્રતિભા રજૂ કરી સૌનાં દિલ જીતી લીધાં હતાં.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા



નવરાત્રિ મહોત્સવનાં અંતિમ દિવસે સોસાયટીનાં બાળકો દ્વારા ''જોધા બાદશાહ'' નાટક રજૂ કરવામાં આવ્યું હતું. બાળકોએ ઉત્કૃષ્ટ અભિનય દ્વારા ઉપસ્થિત લોકોને મનોરંજન પૂરૂ પાડયું હતું. બાળકોની મહેનત, આત્મવિશ્વાસ અને કલાત્મક અભિવ્યક્તિને બિરદાવતાં સોસાયટીનાં રહીશો દ્વારા નાટકમાં ભાગ લેનાર તમામ બાળ કલાકારોને શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે જાણીતા કવિ હરેશભાઈ વડાવીયા તેમજ રેડિયો આર્ટિસ્ટ પ્રકાશભાઈનાં વરદ્દહસ્તે તમામ યુવા કલાકારોનું સન્માન કરવામાં આવ્યું હતું. મહાનુભાવોનાં હસ્તે સન્માન પ્રાપ્ત થતાં બાળકોમાં આનંદ અને ઉત્સાહની લાગણી જોવા મળી હતી.

આ ઉપરાંત, સોસાયટીમાં રહેતા મહેશભાઈ ગોહેલ દ્વારા તમામ દીકરીઓને લ્હાણીનું વિતરણ કરવામાં આવ્યું હતું. દીકરીઓ પ્રત્યેનો સ્નેહ, સન્માન અને ભારતીય સંસ્કૃતિનાં સંસ્કારોને ઉજાગર કરતી આ પહેલે નવરાત્રિ મહોત્સવની ખુશીમાં વિશેષ ઉમેરો કર્યો હતો.

આમ, ચિત્રકૂટ સોસાયટીમાં નવરાત્રિની ઉજવણી માત્ર ધાર્મિક ઉત્સવ પૂરતી સીમિત ન રહેતાં સાંસ્કૃતિક પ્રતિભાને પ્રોત્સાહન આપવા, નવી પેઢીમાં કલા અને સંસ્કારનું સિંચન કરવા તેમજ સમાજમાં એકતા અને ભાઈચારાની ભાવનાને મજબૂત બનાવવાનું સુંદર માધ્યમ બની હતી. બાળકોના ઉત્સાહ, રહીશોનાં સહયોગ અને દીકરીઓના સન્માન સાથે નવરાત્રિ મહોત્સવનું યાદગાર સમાપન થયું હતું.

### લેઉવા પટેલ ટ્રસ્ટની મહિલા કોલેજ દ્વારા

# અમરેલીમાં ચક્કરગઢ માર્ગ ઉપર સ્વચ્છતા અભિયાનની કામગીરી

## એન.એસ.એસ.ની નિયમિત પ્રવૃત્તિનાં ભાગરૂપે કામગીરી



અમરેલી, તા. ૨૧

એનએસએસની નિયમિત પ્રવૃતિના ભાગરૂપે લેઉવા પટેલ ટ્રસ્ટ બી.બી.એ. મહિલા કોલેજ અને કે.પી. ધોળયિકા ઈન્ફોટેક મહિલા કોલેજનાં સંયુકત ઉપક્રમે અમરેલી શહેરનાં ચકકરગઢ રોડ પર સ્વચ્છતા અભિયાન યોજી રસ્તાની સફઈ કરવામાં આવી હતી. આ અભિયાન દ્વારા સ્વચ્છતા જાળવવા અને જનજાગૃતિ ફેલાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.



















### પરમિશન નહોતી તોય જંતર-મંતર કેમ ગયા : દિલ્હી હાઈકોર્ટ

# સૌરવ દાસ અને આશુતોષ રાંકાને દિલ્હી હાઈકોર્ટે લગાવી ફટકાર

**અદાલતે CJPના પ્રદર્શન દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગડવાની શક્યતા તથા બેરિકેડ તોડવા જેવી પ્રવૃત્તિઓનાં સંભવિત પરિણામો અંગે ચિંતા વ્યક્ત કરી**

નવી દિલ્હી, તા.૨૧

કોકરોચ જનતા પાર્ટી (CJP)ના નેતાઓ સૌરવ દાસ અને આશુતોષ રાંકાની અરજી પર બુધવારે દિલ્હી હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી. જસ્ટિસ સુબ્રમણ્યમ પ્રસાદની બેન્ચે બંને નેતાઓની ન્યાયિક કસ્ટડી સામેની અરજી પર સુનાવણી કરી હતી. બંનેએ જંતર-મંતર પર કથિત ગેરકાયદેસર પ્રવેશના કેસમાં તેમની કસ્ટડી વધારવાના સ્પેશિયલ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ (SEM)ના આદેશને પડકાર્યો છે. દિલ્હી પોલીસ તરફથી ASG ચેતન શર્મા અને વકીલ આશિષ દીક્ષિત અદાલતમાં હાજર રહ્યા હતા, જ્યારે સૌરવ દાસ અને અન્ય લોકો તરફથી વકીલ અભિક ચિમનીએ દલીલો રજૂ કરી હતી. ચાલો જાણીએ કે સુનાવણી દરમિયાન બંને પક્ષોએ શું દલીલો કરી અને અદાલતે શું કહ્યું.

સૌપ્રથમ સમગ્ર મામલો સમજી લઈએ. CJPના નેતાઓ સૌરવ દાસ અને આશુતોષ રાંકાએ સ્પેશિયલ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટના આદેશને પડકાર્યો છે. તાજેતરમાં SEMએ બંને નેતાઓની ન્યાયિક કસ્ટડી વધારી હતી. બુધવારે તેમની કસ્ટડીની મુદત પૂરી થઈ રહી હતી. આથી બંનેએ કસ્ટડી વધારવાના આદેશ સામે દિલ્હી હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. સુનાવણી દરમિયાન બંને નેતાઓએ કસ્ટડી વધારવાના આદેશ સામે સવાલો ઉઠાવ્યા હતા.

આ મામલે સુનાવણી દરમિયાન દિલ્હી હાઈકોર્ટે મહત્ત્વપૂર્ણ ટિપ્પણી કરી હતી. અદાલતે CJPના પ્રદર્શન દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગડવાની શક્યતા તથા બેરિકેડ તોડવા જેવી પ્રવૃત્તિઓનાં સંભવિત પરિણામો અંગે ચિંતા વ્યક્ત કરી હતી. કોર્ટે કહ્યું કે હાલમાં બંને અરજદારો પ્રદર્શનના અગ્રભાગમાં છે. જ્યારે તમે ત્યાં જઈને બેરિકેડ તોડો છો, ત્યારે એવી આશંકા રહે છે કે અન્ય ૧૦થી ૨૦ લોકો પણ આવું કરવા લાગે, જેમના પર તમારું નિયંત્રણ નહીં હોય. હાઈકોર્ટે આશુતોષ રાંકા અને સૌરવ દાસને સવાલ કર્યો કે, જ્યારે જંતર-મંતર પર જવાની પરવાનગી જ નહોતી, તો તેઓ ત્યાં ગયા જ શા માટે? આ ઉપરાંત કોર્ટે કહ્યું, અમે બીજા દેશોમાં પણ જોયું છે કે શરૂઆત શાંતિપૂર્ણ રીતે થઈ હતી, પરંતુ પછી પરિસ્થિતિ ક્યાં પહોંચી ગઈ. આ દરમિયાન હાઈકોર્ટે બંનેને મેજિસ્ટ્રેટ સમક્ષની સુનાવણીના પરિણામની રાહ જોવાનું પણ જણાવ્યું હતું. જે પછી તેમણે હાઈકોર્ટમાંથી પોતાની અરજી પાછી ખેંચી લીધી હતી.

### ૫૦ હજારનો લગાવ્યો દંડ

# ભગવંત માનને ૩ કલાક સુધી એરપોર્ટ પર રોક્યા

**મુખ્યમંત્રી પંજાબના ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા પેરિસ ગયા હતા : તેમને એરપોર્ટ પર રોકી લેવામાં આવતા રોષ**

નવી દિલ્હી, તા.૨૧

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન પેરિસથી પરત ફરી રહ્યા હતા ત્યારે મોડી રાત્રે તેમને દિલ્હી એરપોર્ટ પર રોકી રાખવામાં આવ્યા હોવાનો દાવો આમ આદમી પાર્ટીએ કર્યો છે. AAPના મીડિયા ઈન્ચાર્જ બલતેજ પન્નૂએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રી ભગવંત માન પંજાબના ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા માટે પેરિસ ગયા હતા. જોકે, ત્યાંથી પરત ફર્યા બાદ તેમને એરપોર્ટ પર રોકી લેવામાં આવ્યા હતા. આ અંગે માહિતી આપતાં બલતેજ પન્નૂએ કેન્દ્રની મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, "વડાપ્રધાન પંજાબીઓનું અપમાન કરવાની એક પણ તક છોડતા નથી. દિલ્હી એરપોર્ટ પર મુખ્યમંત્રી ભગવંત માનને રાત્રે ત્રણ કલાક સુધી રોકી રાખવામાં આવ્યા હતા. તેની પાછળનું કારણ એ હતું કે, વડાપ્રધાનની મનાઈ હોવા છતાં તેઓ કોર્ટના આદેશથી પેરિસ કેમ ગયા? એટલું જ નહીં, તેમના પર ૫૦ હજાર રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો હતો."

પંજાબ AAPના જનરલ સેક્રેટરી અને મીડિયા ઈન્ચાર્જ બલતેજ પન્નૂએ નારાજગી વ્યક્ત કરતાં કહ્યું કે, "સૌપ્રથમ મુખ્યમંત્રી ભગવંત માનની વિદેશ યાત્રામાં અવરોધો ઊભા કરવામાં આવ્યા. ત્યારબાદ તેઓ પંજાબ પરત ફર્યા ત્યારે પણ કોઈ નક્કર કારણ વગર તેમને હેરાન કરવામાં આવ્યા. એટલું જ નહીં, ભારતીય દૂતાવાસના અધિકારીઓને પણ સૂચના આપવામાં આવી હતી કે મુખ્યમંત્રી માનને તેમના પદને અનુરૂપ સન્માન અને પ્રોટોકોલ આપવામાં ન આવે."

તેમણે વધુમાં કહ્યું કે, "મુખ્યમંત્રી ભગવંત માન પરત ફર્યા ત્યારે તેમને ત્રણ કલાક સુધી હેરાન કરવામાં આવ્યા અને ત્યારબાદ તેમના પર ૫૦ હજાર રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો. આ કાર્યવાહી પાછળ 'દબાણ'નું કારણ દર્શાવીને તેને યોગ્ય ઠેરવવાનો પ્રયાસ કરવામાં આવ્યો. આ બધું માત્ર એટલા માટે કરવામાં આવ્યું કે ભગવંત માન પંજાબના મુખ્યમંત્રી છે."

બલતેજ પન્નૂએ કેન્દ્ર સરકાર પર વધુ આક્ષેપ કરતાં કહ્યું કે, "સરહદ પર ખેડૂતોને દોઢ વર્ષ સુધી બેસાડી રાખવામાં આવ્યા. પંજાબના અનેક ફંડ પણ રોકી દેવામાં આવ્યા. ત્યારબાદ પંજાબના મુખ્યમંત્રીને એક વખત નહીં, પરંતુ ચાર-ચાર વખત વિદેશ જવાની મંજૂરી આપવામાં આવી નહોતી." તેમણે આરોપ લગાવ્યો કે, કેન્દ્ર સરકાર ઈચ્છતી નથી કે પંજાબના મુખ્યમંત્રી રાજ્યના હિત માટે વિદેશમાંથી ભંડોળ મેળવી શકે. AAPના નેતા બલતેજ પન્નૂએ જણાવ્યું હતું કે, "મુખ્યમંત્રી ભગવંત માન હાઈકોર્ટના નિર્દેશ બાદ વિદેશ ગયા હતા. હાઈકોર્ટે પણ કહ્યું હતું કે, પ્રોટોકોલ મુજબ તેઓ વિદેશ જઈ શકે છે. તેમ છતાં પેરિસમાં ભારતીય દૂતાવાસના અધિકારીઓ મુખ્યમંત્રી માનને મળવા પણ આવ્યા નહોતા."

તેમણે વધુમાં જણાવ્યું કે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન વિશ્વના બીજા સૌથી મોટા ફૂડ ફેસ્ટિવલમાં પંજાબના ઉત્પાદનોને રજૂ કરવા માટે પેરિસ ગયા હતા. આ મુલાકાતનો મુખ્ય હેતુ પંજાબના રાજમા અને છોલે સહિતના ઉત્પાદનોને આંતરરાષ્ટ્રીય બજારમાં ઓળખ અપાવવાનો હતો. આમ આદમી પાર્ટીએ સમગ્ર ઘટનાને લઈને કેન્દ્ર સરકાર સામે નારાજગી વ્યક્ત કરી છે અને મુખ્યમંત્રી ભગવંત માન સાથે કરવામાં આવેલા કથિત વર્તનને પંજાબીઓનું અપમાન ગણાવ્યું છે.

### AQI 233: GRAP-1ના કડક નિયંત્રણો લાગુ

# દિવાળીના તહેવાર પહેલા જ દિલ્હીમાં હવા ઝેરી બની

**આને કારણે હોટેલોમાં કોલસાના ઉપયોગ અને ડીઝલ જનરેટર (ઈમરજન્સી સિવાય) પર પ્રતિબંધ મુકાયો છે**

નવી દિલ્હી, તા.૨૧

દિવાળીના તહેવાર પહેલા જ દેશની રાજધાની દિલ્હીમાં પ્રદૂષણનું સ્તર ચિંતાજનક રીતે વધી ગયું છે. દિલ્હીમાં હવાની ગુણવત્તા ખરાબ કેટેગરીમાં પહોંચી જતાં વહીવટીતંત્ર દ્વારા ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન એટલે કે GRAP-1ના નિયંત્રણો તાત્કાલિક અસરથી લાગુ કરી દેવામાં આવ્યા છે. જ્યારે એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) ૨૦૧થી ૩૦૦ની વચ્ચે પહોંચે ત્યારે આ નિયંત્રણો અમલમાં મૂકવામાં આવે છે. બુધવારે સવારે ૯ વાગ્યે દિલ્હીનો AQI ૨૩૩ નોંધાયો હતો, જેના કારણે વાતાવરણ ધૂંધળું બનવાની સાથે લોકોને શ્વાસ લેવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

પ્રદૂષણ પર નિયંત્રણ મેળવવા માટે હોટેલો અને રેસ્ટોરન્ટ્સમાં કોલસાના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત ડીઝલ જનરેટર ચલાવવા પર પણ રોક લગાવી દેવામાં આવી છે, માત્ર ઈમરજન્સી સેવાઓમાં જ તેના ઉપયોગની છૂટ મળશે. ધૂળની માત્રા ઘટાડવા માટે રસ્તાઓની નિયમિત સફાઈ અને પાણીનો છંટકાવ શરૂ કરવામાં આવ્યો છે. શહેરમાં ચાલી રહેલા બાંધકામ સ્થળો પર ધૂળ ન ઊડે તે માટે ખાસ મોનિટરિંગ વધારી દેવાયું છે તેમજ કચરાના યોગ્ય નિકાલ માટે કડક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

હવામાન વિભાગ (IMD) અનુસાર, દિલ્હીમાં લઘુત્તમ તાપમાન ઘટીને ૧૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે આ ઋતુના સરેરાશ તાપમાન કરતાં ઓછું છે. સફદરજંગમાં લઘુત્તમ પારો ૧૮ ડિગ્રી સેલ્સિયસ રહ્યો હતો, જ્યારે પાલમ વિસ્તારમાં તાપમાન ૧૭.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું જે સામાન્ય કરતાં ૧.૧ ડિગ્રી ઓછું છે. લોધી રોડ પર ૧૭.૭ ડિગ્રી, રિજ વિસ્તારમાં ૧૯.૧ ડિગ્રી અને આયાનગરમાં ૧૭.૭ ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાતા વહેલી સવારે ઠંડકનો અનુભવ થઈ રહ્યો છે.

સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (CPCB) ના માપદંડ મુજબ, ૦ થી ૫૦ વચ્ચેનો AQI સારો ગણવામાં આવે છે. ૫૧ થી ૧૦૦ વચ્ચે હોય તો સંતોષકારક, ૧૦૧ થી ૨૦૦ સુધી મધ્યમ અને ૨૦૧ થી ૩૦૦ વચ્ચેનો સ્કોર ખરાબ શ્રેણીમાં મુકાય છે. જો ઈન્ડેક્સ ૩૦૧ થી ૪૦૦ પર પહોંચે તો ખૂબ ખરાબ અને ૪૦૧ થી ૫૦૦ વચ્ચે પહોંચે ત્યારે સ્થિતિ ગંભીર માનવામાં આવે છે. હાલ દિલ્હીમાં આંકડો ૨૩૩ પર પહોંચી ગયો હોવાથી તે સ્વાસ્થ્ય માટે હાનિકારક ગણાય છે.

### હજુપણ કાળઝાળ ગરમીની આગાહી

# ઓક્ટોબરમાં ગરમીએ તોડ્યો ૨૫ વર્ષનો રેકોર્ડ

**અમદાવાદમાં ગરમીનો પારો ૩૮ ડિગ્રી આસપાસ રહેવાનું અનુમાન, રાજકોટમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા**

અમદાવાદ, તા.૨૧

ગુજરાતમાં ઓક્ટોબરના અંત સુધી ગરમીનો પ્રકોપ યથાવત રહેવાની શક્યતા છે. હવામાનની આગાહી અનુસાર, આગામી સાત દિવસ રાજ્યમાં તાપમાન ૩૮ ડિગ્રીની આસપાસ રહી શકે છે. અમદાવાદમાં પણ ગરમીનો પારો ૩૮ ડિગ્રીની આસપાસ રહેવાનું અનુમાન છે, જ્યારે રાજકોટમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા છે. બીજી તરફ, રાજ્યના કેટલાક જિલ્લાઓમાં હળવાથી સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે.

ગુજરાતમાં ચોમાસાની વિદાય બાદ પણ ગરમીથી રાહત મળતી નથી. ઓક્ટોબર મહિનાના અંત સુધી રાજ્યના લોકોને આકરા તાપનો સામનો કરવો પડી શકે છે. હવામાનની આગાહી મુજબ, આગામી સાત દિવસ દરમિયાન રાજ્યમાં મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની શક્યતા છે. ઓક્ટોબરના અંત સુધી સુધી ઠંડીનો ચમકારો અનુભવાય તેવી શક્યતા ઓછી છે.રાજ્યના મોટા શહેરોમાં પણ ગરમીનો પ્રકોપ યથાવત રહેવાની શક્યતા છે. અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાનું અનુમાન છે. બીજી તરફ, રાજકોટમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રી સેલ્સિયસની આસપાસ પહોંચી શકે છે. જેના કારણે રાજકોટ સહિત સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં લોકોને ગરમીનો વધુ અહેસાસ થઈ શકે છે.

એક તરફ રાજ્યમાં ગરમીનો પ્રકોપ યથાવત રહેવાની આગાહી છે, તો બીજી તરફ કેટલાક જિલ્લાઓમાં હળવાથી સામાન્ય વરસાદની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે.હવામાનની આગાહી મુજબ, બનાસકાંઠા, સાબરકાંઠા અને નર્મદા જિલ્લામાં હળવો વરસાદ પડી શકે છે. જ્યારે તાપી, છોટાઉદેપુર અને દાહોદ જિલ્લામાં સામાન્ય વરસાદની શક્યતા છે. જોકે, વરસાદને કારણે રાજ્યભરમાં ગરમીથી મોટી રાહત મળે તેવી શક્યતા અંગે હાલ સ્પષ્ટતા નથી.હવામાન સંબંધિત અહેવાલોમાં અલ નીનોની મજબૂત સ્થિતિને કારણે તાપમાન પર અસર થવાની ચર્ચા થઈ રહી છે. આપેલી માહિતી મુજબ, ઓક્ટોબરમાં ગરમીએ ૨૫ વર્ષનો રેકોર્ડ તોડ્યો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. હાલની આગાહી મુજબ, ઓક્ટોબરના અંત સુધી ગરમીથી ખાસ રાહત મળવાની શક્યતા ઓછી છે. નવેમ્બરના પ્રથમ સપ્તાહ બાદ તાપમાનમાં ઘટાડો થતાં ઠંડીનો અહેસાસ શરૂ થઈ શકે છે.

### બોલિવૂડમાં શોકની લહેર, મોતનું કારણ અકબંધ

# માત્ર ૪૦ વર્ષની વયે અભિનેત્રી દિવ્યા વિનકરનું અણધાર્યું મોત

**ફિલ્મ ડાર્લિંગ્સમાં મહિલા કોન્સ્ટેબલની ભૂમિકા ભજવીને જાણીતી થયેલી દિવ્યાના અવસાનથી મિત્રો-ચાહકો સ્તબ્ધ**

મુંબઈ, તા.૨૧

બોલિવૂડ અને મનોરંજન જગતમાંથી એક અત્યંત દુઃખદ સમાચાર સામે આવ્યા છે. આલિયા ભટ્ટ અભિનીત ફિલ્મ ડાર્લિંગ્સમાં મહિલા કોન્સ્ટેબલની ભૂમિકા ભજવનાર અભિનેત્રી દિવ્યા વિનકરનું અચાનક અવસાન થયું છે. તેમની ઉંમર આશરે ૪૦ વર્ષની હોવાનું જણાવાયું છે. આ અણધાર્યા અને આઘાતજનક સમાચાર સામે આવ્યા બાદ તેમના મિત્રો, સાથી કલાકારો અને ચાહકોમાં ઘેરા શોકની લાગણી વ્યાપી ગઈ છે.દિવ્યા વિનકરના નિધનની માહિતી તેમની નજીકની મિત્ર અને રેડિયો જોકી (RJ) રોહિણી રામનાથને સોશિયલ મીડિયા પર એક ભાવુક પોસ્ટ શેર કરીને આપી હતી. ૨૦ ઓક્ટોબરે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરતાં રોહિણીએ જણાવ્યું કે દિવ્યાનું જવું અત્યંત આકસ્મિક અને અણધાર્યું હતું.તેમણે દિવ્યાને સ્નેહપૂર્વક DV કહીને સંબોધતાં લખ્યું કે તે અંગત અને વ્યાવસાયિક બંને સ્તરે તેમના માટે એક મજબૂત આધારસ્તંભ સમાન હતી. દિવ્યાનું કામ પ્રત્યેનું સમર્પણ, દયાળુ સ્વભાવ અને સમજણ તેને અન્યો કરતાં સાવ અલગ બનાવતા હતા. આ સાથે જ તેમણે આ કપરા સમયમાં દિવ્યાના પરિવારની પ્રાઈવસીનું સન્માન કરવાની પણ અપીલ કરી હતી.દિવ્યા વિનકરને વર્ષ ૨૦૨૨માં નેટફ્લિક્સ પર રિલીઝ થયેલી ફિલ્મ ડાર્લિંગ્સમાં લેડી કોન્સ્ટેબલના પાત્ર માટે વિશેષ ઓળખ મળી હતી. જસ્મીત કે. રીનના દિગ્દર્શનમાં બનેલી આ ફિલ્મમાં આલિયા ભટ્ટ, શેફાલી શાહ, વિજય વર્મા અને રોશન મેથ્યુ મુખ્ય ભૂમિકાઓમાં હતા. આ સિવાય દિવ્યા વિદ્યા બાલન અને શેફાલી શાહ અભિનીત ૨૦૨૨ની ફિલ્મ જલસાના સ્ક્રીન ક્રેડિટ્સમાં પણ સામેલ હતી. ભલે તેણે મોટા પડદા પર સીમિત પાત્રો ભજવ્યા, પરંતુ પોતાના અભિનયથી તેણે આગવી છાપ છોડી હતી.દિવ્યા માત્ર એક અભિનેત્રી જ નહોતી, પરંતુ ડિજિટલ કન્ટેન્ટ ક્રિએટર, ફ્રીલાન્સ રાઈટર અને કવયિત્રી પણ હતી. અભિનય ક્ષેત્રે પ્રવેશતા પહેલાં તેણે લગભગ એક દાયકા સુધી ડિજિટલ માર્કેટિંગના ક્ષેત્રમાં કામ કર્યું હતું. ત્યારબાદ વર્ષ ૨૦૧૮માં તેણે પર્ફોર્મિંગ આર્ટ્સમાં ડગ માંડ્યા અને અભિનયની સાથે-સાથે લેખનમાં પણ સક્રિય રહી. હાલમાં તેના નિધનના ચોક્કસ કારણો અંગે સત્તાવાર પુષ્ટિ થઈ શકી નથી, પરંતુ આટલી નાની ઉંમરે તેના અચાનક વિદાયથી સમગ્ર સિનેમા જગત સ્તબ્ધ થઈ ગયું છે.

### વિરોધ પ્રદર્શનો પર માર્કો રૂબિયોનો સ્પષ્ટ જવાબ

# વિરોધ પ્રદર્શનો ભારતનો આંતરિક મામલો છે

**પ્રથમ દિવસે તેમણે વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે મુલાકાત કરી : બંને દેશો વચ્ચે અનેક મુદ્દાઓ પર ચર્ચા**

નવી દિલ્હી, તા.૨૧

અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયો ભારતની મુલાકાતે છે. તેમણે વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે મુલાકાત કરી અને બંને દેશોના હિત સાથે જોડાયેલા મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. રૂબિયોની આ મુલાકાતને ભારત-અમેરિકાના સંબંધો મજબૂત કરવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે. માર્કો રૂબિયોએ એક મહત્ત્વના મુદ્દે અમેરિકાનું વલણ સ્પષ્ટ કર્યું છે. તેમને પૂછવામાં આવ્યું કે ભારતમાં તાજેતરના દિવસોમાં કેટલાક વિરોધ પ્રદર્શનો થયાં છે, તો આ અંગે તેમનો શું અભિપ્રાય છે. તેના જવાબમાં રૂબિયોએ સ્પષ્ટપણે કહ્યું કે આ ભારતનો આંતરિક મામલો છે અને તેઓ તેમાં દખલ નહીં કરે.ભારતમાં થઈ રહેલા વિરોધ પ્રદર્શનો અંગે અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ કહ્યું કે આ ભારતનો આંતરિક રાજકીય મામલો છે અને અમેરિકા તેમાં દખલ કરવા નથી માગતું. રૂબિયોએ કહ્યું કે ભારત એક લોકશાહી દેશ છે, જ્યાં ચૂંટણીઓ યોજાય છે. તેમણે સ્પષ્ટ કર્યું કે તેઓ ભારતીય રાજકારણમાં દખલ કરવા માગતા નથી. ભારતમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો વચ્ચે રૂબિયોની આ ટિપ્પણી સામે આવી છે. તેમણે આ મુદ્દાને ભારતનો આંતરિક મામલો ગણાવી તેમાં કોઈ પણ પ્રકારની દખલગીરીથી દૂર રહેવાના સંકેત આપ્યા હતા. ઉલ્લેખનીય છે કે NEET-UG પેપર લીક અને ત્યારબાદ જ્ઞાનેશ કુમારને હટાવવાની માગને લઈને દિલ્હીમાં વિરોધ પ્રદર્શનો થયાં હતાં.ભારતની મુલાકાતે આવેલા અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ UNના નિષ્ણાતો પર કટાક્ષ કર્યો હતો અને ભારતની લોકશાહી વ્યવસ્થાનાં વખાણ કર્યાં હતાં. ભારતમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો અને તેની ટીકા કરતા UNના નિષ્ણાતો અંગે પૂછાયેલા સવાલના જવાબમાં રૂબિયોએ હસતાં-હસતાં કહ્યું કે, 'UNના નિષ્ણાતો... મારા સૌથી પ્રિય છે. UNના નિષ્ણાતો પોતે જ એક વિરોધાભાસ છે.' ભારતમાં ચાલી રહેલા આંદોલનને આંતરિક મામલો ગણાવતાં તેમણે આગળ કહ્યું કે, 'આ એક સ્થાનિક રાજકીય મામલો છે. હું તેમના રાજકારણમાં સામેલ થવાનો નથી. અહીં લોકશાહી છે અને ચૂંટણીઓ યોજાય છે. હું તેમના આંતરિક રાજકીય મામલાઓ પર ટિપ્પણી નહીં કરું. આ રીતે જોઈએ તો અમેરિકામાં પણ દરરોજ વિરોધ પ્રદર્શનો થાય છે.'રૂબિયોએ કહ્યું કે વિરોધ પ્રદર્શન અને રમખાણો વચ્ચે તફાવત હોય છે. અમેરિકાના વિદેશ મંત્રીએ કહ્યું કે, 'હું રમખાણોની વાત નથી કરી રહ્યો, જેમ કે યુરોપમાં જોવા મળે છે, જ્યાં તોડફોડ થાય છે, ઈમારતોમાં ઘૂસવામાં આવે છે અને તેમને સળગાવવામાં આવે છે. અનેક રીતે જોઈએ તો લોકોનું બહાર આવીને પોતાની વાત રજૂ કરવી એ સંકેત છે કે આ એવો દેશ છે, જ્યાં રાજકીય ચર્ચા થાય છે અને મતભેદો પણ હોય છે.' ક્યુબાનું ઉદાહરણ આપતાં તેમણે કહ્યું કે, 'તમે કહ્યું તેમ અહીં વિપક્ષ છે. ઉદાહરણ તરીકે, ક્યુબામાં એવો કોઈ વિપક્ષ નથી, જે જેલમાં ગયા વિના અથવા દમન અને દેશનિકાલનો સામનો કર્યા વિના બહાર આવીને કંઈ કરી શકે. અમે આંતરિક રાજકીય મામલાઓ પર ટિપ્પણી નહીં કરીએ. આ નિર્ણય ભારતના લોકોએ જ લેવાનો છે.'

### ટ્રમ્પ બોલ્યા- હા, અમે ખૂબ નજીક છીએ

# લાંબા સમયની વાટાઘાટોનો અંત થઈ શકે, ભારત સાથે ડીલ કરવા અમેરિકા તૈયાર

**ભારત અને અમેરિકા વચ્ચે એક વર્ષ કરતા વધુ સમયથી ચાલતી વ્યાપાર સમજુતિની વાતચીત અંતિમ તબક્કામાં**

વોશિંગ્ટન, તા.૨૧

ભારત અને અમેરિકા વચ્ચે એક વર્ષ કરતા વધુ સમયથી ચાલી રહેલી વ્યાપાર ડીલની વાતચીત હવે અંતિમ તબક્કામાં પહોંચતી જોવા મળી રહી છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યુ કે બંને દેશ સમજુતિને અંતિમ રૂપ આપવાની નજીક છે. તો અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ આશા વ્યક્ત કરી છે કે આ સમજુતિ થોડા સપ્તાહમાં પૂર્ણ થઈ શકે છે.તેમના જણાવ્યા અનુસાર વાતચીત હવે તકનીકી બારીકિઓ પર કેન્દ્રીત છે અને સમજુતિની દરેક શરતની ભાષા પર બંને પક્ષોની સહમતિ જરૂરી છે. બંને દેશોના અધિકારીઓના તાજેતરોના નિવેદનથી લાંબા સમયથી જારી વ્યાપાર ગતિરોધ દૂર થવાની આશા વધી છે.બ્લૂમબર્ગના રિપોર્ટ પ્રમાણે મંગળવારે વ્હાઈટ હાઉસમાં પત્રકારો સાથે વાતચીત દરમિયાન ટ્રમ્પને ભારતની સાથે વ્યાપાર સમજુતિની સંભાવનાઓ વિશે પૂછવામાં આવ્યું. તેના પર તેમણે કહ્યું 'તેઓ સમજુતિ કરવા ઈચ્છે છે. અમે સમજુતિ કરીશું, હાં, અમે નજીક છીએ.'

ટ્રમ્પે તે પણ કહ્યુ કે આ સમજુતિ પહેલાની અપેક્ષામાં અલગ પ્રકારની હોઈ શકે છે. પરંતુ તેમણે તેના સ્વરૂપ કે સંભવિત ફેરફારો વિશે વિસ્તારથી જાણકારી ન આપી. ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરએ તાજેતરમાં નવી દિલ્હીમાં આયોજીત બ્લૂમબર્ગ ન્યૂ ઈકોનોમી ફોરમમાં કહ્યુ કે સમજુતિના મહત્વના મુદ્દા પર કામ પૂર્ણ થઈ ગયું છે. તેમણે સંકેત આપ્યો કે બંને દેશ સમજુતિને અંતિમ રૂપ આપવાની ખુબ નજીક છે.

ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે પણ વાતચીતમાં થયેલી પ્રગતિ પર સંતોષ વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યુ કે બંને દેશ સમજુતિને અંતિમ રૂપ આપવાની દિશામાં આગળ વધી રહ્યાં છે.

આ નિવેદનોથી સંકેત મળે છે કે બંને પક્ષ લાંબા સમયથી અટવાયેલા વ્યાપારિક મુદ્દા પર સહમતિ બનાવવા માટે સતત પ્રયાસ કરી રહ્યાં છે.

# સૌરવ દાસ અને આશુતોષ રાંકાના કોર્ટે જામીન મંજૂર કર્યા

નવી દિલ્હી, તા.૨૧

કોકરોચ જનતા પાર્ટી (CJP)ના નેતાઓ સૌરવ દાસ અને આશુતોષ રાંકાને મોટી રાહત મળી છે. દિલ્હીની એક અદાલતે તેમને મુક્ત કરવાનો આદેશ આપ્યો છે; અગાઉ કોર્ટે આ મામલે પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો. પોલીસે તેમની ન્યાયિક કસ્ટડી ત્રણ દિવસ માટે લંબાવવાની વિનંતી કરી હતી, પરંતુ કોર્ટે આ વિનંતી ફગાવી દીધી. આ બંને વ્યક્તિઓને ૧૩ ઓક્ટોબરે પોલીસ કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા અને ત્યારબાદ ૧૪ ઓક્ટોબરે તેમને ન્યાયિક કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા હતા. ત્યારથી સૌરવ અને રાંકા દિલ્હીની તિહાર જેલમાં બંધ હતા.

અગાઉ, આશુતોષ અને સૌરવે તેમને ન્યાયિક કસ્ટડીમાં મોકલવાના નિર્ણયને દિલ્હી હાઈકોર્ટમાં પડકાર્યો હતો. જોકે, હાઈકોર્ટ તરફથી ઠપકો મળ્યા બાદ તેમણે આ અરજી પાછી ખેંચી લીધી હતી.

બુધવારે દિલ્હી હાઈકોર્ટમાં થયેલી સુનાવણી દરમિયાન, સૌરવ દાસ અને આશુતોષ રાંકાની ઉંમરનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. અરજદારોના વકીલે જણાવ્યું હતું કે સૌરવ દાસની ઉંમર ૨૭ વર્ષ છે, જ્યારે આશુતોષ રાંકા ૩૧ વર્ષના છે. આના પર હાઈકોર્ટે ટિપ્પણી કરી, "તો પછી, તેઓ જન ઝેડ (Gen Z) નથી." ન્યાયાધીશે મિલેનિયલ્સ (Millennials) અને જન ઝેડ (Gen Z) માટેની વય મર્યાદા વિશે પણ પૂછપરછ કરી હતી.બંને વ્યક્તિઓને જામીન મળવા પર અભિજીત દીપકે ભાવુક થઈ ગયો. તેમણે ફિલ્મ અભિનેતા શાહરૂખ ખાનનો એક વીડિયો શેર કર્યો, જેમાં અભિનેતા રડતો જોવા મળે છે. એક રીતે કહીએ તો, દીપકે પોતાની લાગણીઓ વ્યક્ત કરી રહ્યો હતો.દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આપ (AAP)ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે ઠ પર એક પોસ્ટમાં કહ્યું, આશુતોષ અને સૌરવને જામીન મળવા બદલ ખૂબ ખૂબ અભિનંદન. દેશ માટે આ જ રીતે લડતા રહો. સમગ્ર દેશ તમારી સાથે છે.

# હરિદ્વારમાં ગંગા નદી ખાલી જોવા મળતા શ્રદ્ધાળુઓ નિરાશ થયા

હરિદ્વાર, તા.૨૧

ઉત્તરાખંડના હરિદ્વારમાં ગંગા સ્નાન માટે પહોંચી રહેલા શ્રદ્ધાળુઓને હાલમાં નિરાશાનો સામનો કરવો પડી રહ્યો છે. હર કી પૌડી સહિત શહેરના કેટલાય મુખ્ય ઘાટો પર ગંગાનું જળસ્તર સામાન્યથી ઓછું દેખાઈ રહ્યું છે. જે શ્રદ્ધાળુઓ ગંગામાં ડૂબકી લગાવવા અને ધાર્મિક અનુષ્ઠાન કરવાની ઈચ્છા લઈ હરિદ્વાર પહોંચી રહ્યા છે, તેમને ઓછા પાણીની વચ્ચે સ્નાન કરવું પડી રહ્યું છે. કહેવાય છે કે પાણીને ૨૦ દિવસ માટે બંધ કરવામાં આવ્યું છે.હરિદ્વાર આવતા શ્રદ્ધાળુઓ માટે ગંગામાં ડૂબકી લગાવવી ખાલી સ્નાન નથી, પણ આસ્થા અને પરંપરા સાથે જોડાયેલો અનુભવ છે. આવા સમયે ઘાટ પર ઓછું પાણી જોઈ કેટલાય લોકો નિરાશ થઈ રહ્યા છે. અમુક શ્રદ્ધાળુઓને પાણીમાં ઉતરી સ્નાન કરવાની જગ્યાએ લોટા અને બીજા વાસણમાં ગંગાજળ લઈ સ્નાન કરવું પડે છે.

ગંગા દર્શન માટે પહોંચી રહેલા એક શખ્સે જણાવ્યું કે, તે આ પવિત્ર સ્નાન કરવાની ઈચ્છા લઈને હરિદ્વાર આવ્યા હતા. જો કે, અહીં પહોંચતા તેમને ગંગામાં ઓછું પાણી દેખાયું. તેમ છતાં તેણે જે હતું તેમાં સ્નાન કર્યું અને ગંગા માતાના દર્શન કરી પોતાની આસ્થા વ્યક્ત કરી. વળી પોતાના બાળકોનું મુંડન સંસ્કાર કરાવી હરિદ્વાર પહોંચેલી ગરિમાએ પણ ઓછું જળસ્તર જોઈ નિરાશા વ્યક્ત કરી. તેમણે જણાવ્યું કે, પહેલી વાર હરિદ્વાર આવવા પર મુખ્ય ધારામાં ઓછું પાણી જોઈ તેમને થોડી માયૂસી થઈ. જો કે, પરિવારે પૂજા-પાઠ અને બીજા ધાર્મિક સંસ્કાર પૂરા કર્યા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, હરિદ્વારથી કાનપુર સુધી ફેલાયેલી અપર ગંગા નહેરને વાર્ષિક દેખરેખ માટે ૨૦ દિવસ સુધી બંધ રાખવાનો નિર્ણય લીધો છે. આ દરમ્યાન નહેરની સફાઈ, કચરો હટાવવો અને જરૂરી સમારકામ કરવામાં આવશે. સાથે જ આવનારા કુંભ મેળાને જોતા તેને સારુ બનાવવા પર પણ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

આ બધું કામ ઉત્તર પ્રદેશ સિંચાઈ વિભાગ અંડરમાં આવે છે. નહેરમાં પાણીનો પ્રવાહ બંધ થવા અથવા ઓછો થવાની અસર હરિદ્વારના અમુક ઘાટો પર પણ દેખાઈ રહી છે. જો કે ગંગાના જળસ્તર અને પ્રવાહની સ્થિતિ અલગ અલગ ઘાટો પર અલગ હોઈ શકે છે.

### મોબાઈલ નંબરથી લઈને સરનામા સુધી લીક

# દેશની સૌથી મોટી બેંક SBI ના ગ્રાહકોનો ડેટા ડાર્ક વેબ પર લીક થવાની આશંકા

**સીઈઆરટી-ઇન પાસેથી એલર્ટ મળ્યા બાદ હડકંપ મચી ગયો છે, મામલાની ગંભીરતા જોતા સ્વતંત્ર તપાસ શરૂ કરવામાં આવી છે**

નવી દિલ્હી, તા.૨૧

ભારતની સૌથી મોટી સરકારી બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) સાથે જોડાયેલા ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. એસબીઆઈના ગ્રાહકોનો મહત્વનો ડેટા ડાર્ક વેબ પર લીક થવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. બેંક દ્વારા ૨૧ ઓક્ટોબરે શેર બજારને આ મામલાની જાણ કરવામાં આવી છે. આ સમાચાર સામે આવ્યા બાદ બેક્િંગ સેક્ટરમાં હલચલ વધી ગઈ છે. પરંતુ બેંકએ મામલાની ગંભીરતા સમજતા તત્કાલ તપાસ શરૂ કરી છે. સાયબર સુરક્ષા મજબૂત કરવા માટે બેંક તરફથી તમામ જરૂરી પગલાં ભરવામાં આવી રહ્યાં છે.એસબીઆઈને આ સંભવિત ડેટા લીક વિશે ૧૬ ઓક્ટોબર ૨૦૨૬ના સૌથી પહેલા જાણકારી મળી હતી. બેંકને પોતાની થ્રેટ ઈન્ટેલિજન્સ સેવા પ્રદાતા, રક્ષા સાયબર એજન્સીની સાથે-સાથે સીઈઆરટી-ઈન (CERT-In) પાસેથી આ સંબંધમાં ખાસ એલર્ટ મળ્યા હતા. આ એલર્ટ મળ્યા બાદ બેંકે તત્કાલ પોતાની શરૂઆતી તપાસ શરૂ કરી. પ્રાથમિક તપાસમાં બેંક ટીમે લગભગ ૩.૭૫ લાખ રેકોર્ડની તપાસ કરી. આ સઘન વિશ્લેષણમાં એક પરેશાન કરનારી વાત સામે આવી. તપાસમાં જાણવા મળ્યું કે ૩૮૭૯ ગ્રાહકોના રેકોર્ડમાં વ્યક્તિગત ઓળખ સંબંધિત જાણકારી ઉપલબ્ધ હતી. આ તે અંગત જાણકારી હોય છે, જેનાથી કોઈપણ વ્યક્તિની ઓળખ સરળતાથી ઉજાગર થઈ શકે છે.

આ સંભવિત લીક ડેટામાં ગ્રાહકોના રજીસ્ટર્ડ મોબાઈલ નંબર, જન્મતારીખ, નામ, જેન્ડર, ઈમેલ આઈડીથી લઈને તેના ઘરનું સરનામું પણ સામેલ છે. વાત માત્ર અહીં નથી અટકતી. આ સિવાય બેંકની બ્રાન્ચનું નામ, સીઆઈએફ ઓળખ નંબરની સાથે લોન રેકોર્ડનો મેટાડેટા પણ ડાર્ક વેબ પર ઉપલબ્ધ છે. જ્યારે કોઈ વ્યક્તિની આટલી જાણકારી એક સાથે ઈન્ટરનેટના ડાર્ક વિભાગમાં પહોંચી જાય છે, તો તેની સાથે કોઈ પ્રકારની સાયબર છેતરપિંડી કે ફિશિંગ હુમલાનો ખતરો ખુબ વધી જાય છે.

ડેટા લીકનું એલર્ટ મળતા બેંકે વિલંબ કર્યા વગર કાર્યવાહી કરી છે. એસબીઆઈએ સાયબર ઘટનાનો સામનો કરવા તમામ મહત્વના પ્રોટોકોલ એક્ટિવ કરી દીધા છે. આ મામલાની નિષ્પક્ષ તપાસ માટે એક સ્વતંત્ર સાયબર સુરક્ષા એજન્સીની નિમણૂંક કરવામાં આવી છે. આ એજન્સી સીઈઆરટી-નિની સત્તાવાર પેનલમાં સામેલ છે. આ વિસ્તૃત તપાસનો ઉદ્દેશ્ય તે જાણવાનો છે કે જે ડેટા ડાર્ક વેબ પર ઉજાગર થયો છે, તે કેટલો સાચો અને પ્રામાણિક છે. આ સાથે તપાસ ટીમ તે પણ જાણી રહી છે કે આ ડેટા ક્યાંથી લીક થયો છે, તેનો અસલી સ્રોત શું છે. બેંક સંપૂર્ણ રીતે તે ખાતરી કરવા ઈચ્છે છે કે ગ્રાહકોની સામે ભવિષ્યમાં કોઈ જોખમ પેદા ન થાય.

આ સમાચાર સામે આવ્યા બાદ ગ્રાહકોના મનમાં ડર પેદા થઈ શકે છે કે શું તેના પૈસા સુરક્ષિત છે. એસબીઆઈએ પોતાના સત્તાવાર નિવેદનમાં સ્પષ્ટ કર્યું છે કે આ ઘટનાથી બેંકના મુખ્ય કારોબારી કામકાજ પર કોઈ ખરાબ અસર પડી નથી. બેંકનું નાણાકીય પ્રદર્શન કે તેની વ્યાવસાયિક ગતિવિધિઓ સામાન્ય રીતે ચાલી રહી છે. સામાન્ય ગ્રાહકોએ પરેશાન થવાની જરૂર નથી, કારણ કે બેક્િંગ સેવાઓ કોઈ સમસ્યા વગર યથાવત છે. બેંક દ્વારા ગ્રાહકોને ભરોસો આપવામાં આવ્યો કે તે સ્થિતિ પર નજર રાખી રહી છે.

### નારી સંરક્ષણ ગૃહોની સ્થિતિ પર હાઇકોર્ટની નજર

# ગુજરાતનાં નારી સંરક્ષણગૃહો અંગે હાઇકોર્ટમાં સુનાવણી

**મહિલાઓની સુરક્ષા અને સુવિધાઓની તપાસની માગ, હાઇકોર્ટમાં ૨ ડિસેમ્બરે ફરી સુનાવણી**

અમદાવાદ,તા.૨૧

ગુજરાતમાં નારી અને બાળ સંરક્ષણગૃહોની સ્થિતિ તથા ત્યાં ઉપલબ્ધ સુવિધાઓ અંગે ગુજરાત હાઈકોર્ટમાં ચાલી રહેલી જાહેરહિતની અરજી પર ૨૧ ઑક્ટોબરે સુનાવણી હાથ ધરવામાં આવી હતી.

આ દરમિયાન રાજ્ય સરકારે સોગંદનામું રજૂ કરીને વિવિધ જિલ્લાનાં સંરક્ષણગૃહોની સ્થિતિ અને માળખાકીય સુવિધાઓ અંગેની વિગતો કોર્ટ સમક્ષ મૂકી હતી. આ કેસની વધુ સુનાવણી હવે ૨ ડિસેમ્બરે હાથ ધરાશે. સરકાર દ્વારા રજૂ કરાયેલા રિપોર્ટમાં ૧૨થી ૧૫ જિલ્લાનાં નારી સંરક્ષણગૃહોની સ્થિતિ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર અંગેની વિગતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. હાઈકોર્ટના અગાઉના નિર્દેશો અનુસાર તમામ જિલ્લા કલેક્ટર સાથે બેઠકો પૂર્ણ કરવામાં આવી હોવાનું પણ સરકારે જણાવ્યું હતું.

અરજદાર તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે નારી સંરક્ષણગૃહોમાં મહિલાઓની સુરક્ષા, રહેવાની સુવિધા, શિક્ષણ અને પુનર્વસન માટેની વ્યવસ્થાઓની નિયમિત તપાસ થવી જરૂરી છે. સ્ટેટ લીગલ સર્વિસિસ ઓથોરિટી દ્વારા દર મહિને સંરક્ષણગૃહોની મુલાકાત લેવાના અગાઉના નિર્દેશોના અમલ અંગે પણ ધ્યાન દોરવામાં આવ્યું હતું. અરજદારે તમામ નારી સંરક્ષણગૃહોની સ્થિતિનું નવેસરથી મૂલ્યાંકન કરવાની માગ કરી હતી, જેથી ત્યાં રહેતી મહિલાઓને યોગ્ય સુવિધાઓ અને માર્ગદર્શન મળી શકે.

વર્ષ ૨૦૧૪માં ઓઢવના નારી સંરક્ષણગૃહમાંથી નવ યુવતીઓ ભાગી જવાની ઘટના બાદ હાઈકોર્ટે સંરક્ષણગૃહોની કામગીરી અને વ્યવસ્થામાં સુધારા માટે નિર્દેશો આપ્યા હતા. ત્યારબાદ સરકારે આ અંગે નિયમો પણ જાહેર કર્યા હતા.

મહત્ત્વના નિર્દેશોમાં પુખ્ત વયની મહિલાઓની સ્વતંત્રતા અને બંધારણીય અધિકારોનું રક્ષણ, લાંબા સમય સુધી રહેતી યુવતીઓ માટે શિક્ષણની વ્યવસ્થા, કોમ્પ્યુટર અને અન્ય કૌશલ્ય આધારિત તાલીમ, પૌષ્ટિક ભોજન, જરૂરી કપડાં તેમજ માનસિક સ્વાસ્થ્ય માટે કાઉન્સેલિંગનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સંરક્ષણગૃહોના યોગ્ય સંચાલન અને દેખરેખ માટે વિવિધ વિભાગોના પ્રતિનિધિઓને સામેલ કરતી રાજ્યસ્તરીય સમિતિ રચવાની જોગવાઈ અંગે પણ નિર્દેશો આપવામાં આવ્યા હતા. હાઈકોર્ટમાં રજૂ થયેલા રિપોર્ટ અને અરજદારની રજૂઆતો બાદ કેસની વધુ સુનાવણી ૨ ડિસેમ્બર માટે નિર્ધારિત કરવામાં આવી છે.

આગામી સુનાવણીમાં સંરક્ષણગૃહોની સ્થિતિ, સુવિધાઓ અને અગાઉના નિર્દેશોના અમલ અંગે વધુ ચર્ચા થવાની શક્યતા છે.

### ત્રણ સ્તરીય કાર્યક્રમનો પ્રસ્તાવ

# ગુજરાતમાં ૫ લાખ વિદ્યાર્થીઓને AI તાલીમ આપવાની યોજના

**આ તાલીમ મુખ્યત્વે ઓનલાઇન અને મફત ઉપલબ્ધ શૈક્ષણિક સંસાધનો દ્વારા આપવાની યોજના છે**

ગાંધીનગર,તા.૨૧

ગુજરાતના ઉચ્ચ શિક્ષણ વિભાગે રાજ્યની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં અભ્યાસ કરતા પાંચ લાખ વિદ્યાર્થીઓને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ની તાલીમ આપવા માટે ત્રણ સ્તરીય કાર્યક્રમનો ડ્રાફ્ટ તૈયાર કર્યો છે. 'ગુજરાત AI ફોર એવરી સ્ટુડન્ટ મિશન ૨૦૨૬-૨૭' નામની આ પહેલનો હેતુ વિદ્યાર્થીઓને AIની મૂળભૂત સમજથી લઈને તેમના અભ્યાસક્ષેત્રમાં તેનો ઉપયોગ અને રોજગારલક્ષી અદ્યતન કૌશલ્યો સુધીની તાલીમ આપવાનો છે.

આ પ્રસ્તાવિત મિશન માટે રાજ્ય દ્વારા ૨૦ કરોડની ફાળવણીનું આયોજન કરવામાં આવ્યું છે. ઉપરાંત, આગામી ૧૨ મહિનામાં ૫,૦૦૦ ફેકલ્ટી સભ્યોને 'AI માસ્ટર ટ્રેનર' તરીકે તૈયાર કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. જોકે, આ યોજના હજુ વહીવટી અને નાણાકીય મંજૂરીની રાહ જોઈ રહી છે. 'AI Foundation for Every Student' હેઠળ પાંચ લાખ વિદ્યાર્થીઓને આઠ કલાકનો પ્રાથમિક અભ્યાસક્રમ આપવાનો પ્રસ્તાવ છે. તેમાં AI શું છે, તેનો વિવિધ ક્ષેત્રોમાં ઉપયોગ, જનરેટિવ AI ટૂલ્સ, યોગ્ય પ્રોમ્પ્ટ લખવાની રીત અને અભ્યાસ તથા ઉત્પાદકતા વધારવા માટે AIનો ઉપયોગ કેવી રીતે કરવો તે શીખવવામાં આવશે. આ તાલીમ મુખ્યત્વે ઑનલાઇન અને મફત ઉપલબ્ધ શૈક્ષણિક સંસાધનો દ્વારા આપવાની યોજના છે. તેમાં કોમર્સ, મેનેજમેન્ટ અને ફાઈનાન્સ, એન્જિનિયરિંગ અને ટેક્નોલોજી, આર્ટ્સ અને હ્યુમેનિટીઝ, વિજ્ઞાન અને ગણિત, શિક્ષણ અને શિક્ષક તાલીમ, કૃષિ, આરોગ્ય અને લાઈફ સાયન્સ તથા કાયદા અને જાહેર વહીવટ જેવા ક્ષેત્રોનો સમાવેશ કરવાનો પ્રસ્તાવ છે.

આ યોજનામાં વિદ્યાર્થીઓને ભાષાકીય મુશ્કેલી ન પડે તે માટે અભ્યાસ સામગ્રી ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ કરાવવાનો પ્રસ્તાવ છે. AI દ્વારા તૈયાર કરાયેલા જવાબો અથવા માહિતીની ચકાસણી કરવી પણ અભ્યાસક્રમનો મહત્વપૂર્ણ ભાગ રહેશે. આ ઉપરાંત, વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક સંસ્થાઓના ડેટાની સુરક્ષા, જવાબદાર AI ઉપયોગ અને વિવિધ અભ્યાસક્ષેત્રોને અનુરૂપ સલામતીના નિયમો પર ભાર મૂકવામાં આવશે. મિશનના અમલીકરણ માટે રાજ્ય સ્તરે એક મિશન યુનિટ બનાવવાની યોજના છે. યુનિવર્સિટીઓ નોડલ અધિકારીઓ અને કોલેજો સંયોજકો નિયુક્ત કરશે. રાજ્યવ્યાપી ડેશબોર્ડ દ્વારા વિદ્યાર્થીઓની નોંધણી, પ્રમાણપત્ર અને એક તબક્કામાંથી બીજા તબક્કામાં તેમની પ્રગતિનું નિરીક્ષણ કરવામાં આવશે. દરેક વિદ્યાર્થીની પ્રગતિ માટે યુનિક લર્નર IDનો ઉપયોગ કરવાનો પણ પ્રસ્તાવ છે. AIનો ઉપયોગ હવે ફાઈનાન્સ, માર્કેટિંગ, શિક્ષણ, આરોગ્ય, એન્જિનિયરિંગ અને ડેટા વિશ્લેષણ જેવા અનેક ક્ષેત્રોમાં વધી રહ્યો છે. આવા સમયમાં વિદ્યાર્થીઓને AIના વ્યવહારુ ઉપયોગની તાલીમ આપવાથી તેમની ડિજિટલ કુશળતા અને રોજગાર માટેની તૈયારીમાં મદદ મળી શકે છે.

જોકે, આ યોજનાની વાસ્તવિક અસર તાલીમની ગુણવત્તા, વિદ્યાર્થીઓની ભાગીદારી, પ્રાયોગિક અનુભવ અને ઉદ્યોગોની જરૂરિયાતો સાથેના તાલમેલ પર નિર્ભર રહેશે. હાલ આ યોજના પ્રસ્તાવના તબક્કામાં છે અને અંતિમ મંજૂરી મળ્યા બાદ જ તેના અમલીકરણની વિગતો સ્પષ્ટ થશે.

### સાહિત્ય, કલા અને સંસ્કારના વારસાનો સંગમ

# ગુજરાત દીપોત્સવી અંક વિક્રમ સંવત-૨૦૮૨નું ભવ્ય વિમોચન

**ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'ગુજરાત દીપોત્સવી અંક વિક્રમ સંવત-૨૦૮૨'નું વિમોચન કર્યું હતું**

ગાંધીનગર, તા.૨૧

રાજ્યના સાહિત્ય, કલા અને સંસ્કૃતિના ઉજ્જવળ વારસાને જાળવી રાખવાના ભગીરથ પ્રયાસરૂપે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'ગુજરાત દીપોત્સવી અંક વિક્રમ સંવત-૨૦૮૨'નું વિમોચન કર્યું છે. રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રતિ વર્ષ જાળવવામાં આવતી આગવી પરંપરા મુજબ આ વર્ષે પણ દિવાળીના શુભ અવસરે આ વિશેષ અંક પ્રકાશિત કરવામાં આવ્યો છે. ગુજરાતના મુર્ધન્ય અને લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકારોની સર્જનશીલ કલમે કંડારાયેલી વિવિધ સાહિત્યકૃતિઓથી સજ્જ આ અંક વાચકોના મનને પ્રફુલ્લિત કરી દેનારો સાહિત્યિક રસથાળ બની રહેશે. આ વર્ષના 'ગુજરાત દીપોત્સવી અંક'માં રાજ્યના નામાંકિત સાહિત્યકારોનું અમૂલ્ય પ્રદાન જોવા મળે છે. ગુણવંત શાહ, વિષ્ણુ પંડ્યા, ડૉ. કુમારપાળ દેસાઈ, રઘુવીર ચૌધરી, શાહબુદ્દીન રાઠોડ, રતિલાલ બોરીસાગર, માધવ રામાનુજ અને રાજેન્દ્ર શુક્લ જેવા દિગ્ગજ સર્જકોની વૈવિધ્યસભર રચનાઓ આ અંકમાં સ્થાન પામી છે. ચિંતનાત્મક લેખો, હાસ્યરસ, કાવ્યો અને નાટિકાઓ જેવા બહુરંગી ક્ષેત્રોમાં આ સાહિત્યકારોની કલમે અદ્ભુત સાહિત્યિક સૌરભ રેલાવી છે.

આ દળદાર અંકની રચના વિશે વાત કરીએ તો તેમાં સાહિત્યના જુદા જુદા પ્રકારોનો સુંદર સમન્વય કરવામાં આવ્યો છે. આ અંકમાં કુલ ૨૮ ઊંડાણપૂર્વકના અભ્યાસલેખો, ૨૮ રસપ્રદ નવલિકાઓ, ૧૬ માનસિક તાણ દૂર કરતી વિનોદિકાઓ, ૯ નાટિકાઓ અને ૮૯ જેટલી સુંદર કાવ્ય રચનાઓનો સમાવેશ થાય છે. આ વૈવિધ્યપૂર્ણ સાહિત્ય સામગ્રી વાચકોને આહલાદક અનુભવ પૂરો પાડશે.

સાહિત્યિક લખાણોની સાથે સાથે અંકની દ્રશ્ય સુંદરતા પર પણ ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. પ્રકૃતિની રમણીયતા, લોકજીવનની ધબકતી સંસ્કૃતિ અને માનવીય સંવેદનાઓને જીવંત કરતી ૫૨ જેટલી મનમોહક રંગીન તસવીરો અને ચિત્રો આ અંકમાં કંડારવામાં આવ્યા છે. આ કલાત્મક છબીઓ અને ચિત્રોના કારણે દીપોત્સવી અંક વધુ નયનરમ્ય અને આકર્ષક બન્યો છે.

આ અંકના વિમોચન પ્રસંગે રાજ્યના ઉચ્ચ એડમિનિસ્ટ્રેટિવ અધિકારીઓ વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા. જેમાં મુખ્ય સચિવ એમ. કે. દાસ, અગ્ર સચિવ સંજીવ કુમાર, માહિતી અને પ્રસારણ વિભાગના સચિવ ડૉ. વિક્રાંત પાંડે, અધિક માહિતી નિયામક ડૉ. સંજય કચોટ તેમજ સંયુક્ત માહિતી નિયામક જયેશ દવે સહિત માહિતી ખાતાના અન્ય ઉચ્ચ અધિકારીઓએ હાજરી આપી કાર્યક્રમને શોભાવ્યો હતો.

### કૃષિ ક્ષેત્રે પણ અસર થશે

# ગુજરાતમાં હવે શહેરોમાં વીજકાપનો ખતરો, ઔદ્યોગિક ધમધમાટ તો ઠપ

**દિવાળી ટાણે જ ઉત્પાદન ખોરવાતા વેપારીઓ ચિંતાતુર: લાખો શ્રમિકોની રોજીરોટી પર સંકટ**

ગાંધીનગર, તા.૨૧

ગુજરાતમાં વીજ સંકટની સ્થિતિ દિનપ્રતિદિન વધુ ગંભીર બની રહી છે. ઉત્તર ગુજરાતથી માંડીને કચ્છ સુધીના ઔદ્યોગિક વિસ્તારોમાં સળંગ ૮ કલાક (સાંજે ૪ વાગ્યાથી રાત્રે ૧૨ વાગ્યા સુધી) વીજકાપનો અમલ શરૂ કરી દેવામાં આવ્યો છે. આ કડક વીજકાપને કારણે વિવિધ જીઆઈડીસી અને ફેક્ટરીઓમાં કારખાનાનો ધમધમાટ શાંત થઈ ગયો છે અને ચારેય બાજુ નિરવ શાંતિ છવાઈ ગઈ છે. અચાનક લાદવામાં આવેલા આ વીજકાપથી ઉદ્યોગ જગતની કમર ભાંગી ગઈ છે.દિવાળીનો તહેવાર બિલકુલ નજીક છે ત્યારે જ આ વીજ કટોકટી સર્જાતા ઉદ્યોગકારો અને વેપારીઓ ભારે ચિંતામાં મુકાયા છે. આ પીક સીઝનમાં ઉત્પાદન અટકી જવાથી મળેલા ઓર્ડર્સ કેન્સલ થવાની પૂરેપૂરી સંભાવના ઊભી થઈ છે. જો પરિસ્થિતિ પર તાત્કાલિક કાબૂ મેળવવામાં નહીં આવે તો ફેક્ટરીઓ બંધ થવાના કારણે લાખો શ્રમિકોએ પોતાની રોજીરોટી ગુમાવવી પડે તેવી ભીતિ સેવાઈ રહી છે.વીજ સંકટની સીધી નકારાત્મક અસર માત્ર ઉદ્યોગો પૂરતી સીમિત નથી રહી, પરંતુ ખેતીવાડી ક્ષેત્રે પણ ભારે નુકસાન પહોંચાડી રહી છે. ખેતરોમાં સિંચાઈ માટે પૂરતા પ્રમાણમાં વીજળી ન મળવાના કારણે ખેડૂતોનો વાવેલો પાક બળી જવાની અને સુકાઈ જવાની ભીતિ સર્જાી છે. વીજળીના આ ધાંધિયાના પરિણામે આગામી દિવસોમાં રાજ્યને આર્થિક મોરચે મોટું નુકસાન વેઠવાનો વારો આવી શકે છે.

### પેકેજડ ફૂડની ગુણવત્તા સામે ઉઠ્યા સવાલ

# CTMમાં લક્ષ્મી નમકીનના પેકેટમાંથી મરેલો વંદો નિકળ્યો

**સમગ્ર વિસ્તારમાં અને ગ્રાહકોમાં ભારે સન્નાટો તેમજ રોષ વ્યાપી ગયો છે**

નવી દિલ્હી, તા.૨૧

કેન્દ્ર સરકારના વિશેષ સ્વચ્છતા અભિયાન ૬.૦ હેઠળ ભંગારના નિકાલમાંથી રૂ. ૪૯૧.૨૮ કરોડની આવક થઈ છે. કેન્દ્રીય રાજ્યમંત્રી જિતેન્દ્ર સિંહે સોમવારે આ માહિતી આપતાં જણાવ્યું હતું કે ૧૯ ઑક્ટોબર સુધીમાં દેશભરમાં ૮,૩૪,૫૦૯ સ્થળોએ સફાઈ અભિયાન હાથ ધરાયું છે. ગયા વર્ષના સમાન સમયગાળામાં આ આંકડો ૨,૭૫,૪૩૨ હતો. મંત્રીએ જણાવ્યું કે ગયા વર્ષે સમાન સમયગાળામાં ભંગારના નિકાલથી રૂ. ૩૦૪.૭૨ કરોડની આવક થઈ હતી.

આ વર્ષે આવકમાં નોંધપાત્ર વધારો થયો છે. અભિયાન હેઠળ અત્યાર સુધીમાં ૧૧૬ લાખ ચોરસ ફૂટ જગ્યા પણ ખાલી કરાવવામાં આવી છે, જેનો ઉત્પાદક ઉપયોગ કરી શકાશે.કાર્મિક મંત્રાલયના જણાવ્યા અનુસાર, રેલવે મંત્રાલયે ભંગારના નિકાલમાંથી રૂ. ૪૨૫.૦૬ કરોડની આવક મેળવી છે. જ્યારે શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગે ૪,૧૫,૩૫૩ સ્થળોએ સફાઈ અભિયાન હાથ ધર્યું છે.૨ ઑક્ટોબરથી શરૂ થયેલું આ અભિયાન ૩૧ ઑક્ટોબરે પૂર્ણ થશે. તેમાં જૂની ફાઈલો અને ઈલેક્ટ્રોનિક કચરાના નિકાલ ઉપરાંત પડતર અરજીઓ અને જાહેર ફરિયાદોનો નિકાલ, કચેરીની જગ્યાનો વધુ સારો ઉપયોગ તથા ઈ-વેસ્ટના વૈજ્ઞાનિક વ્યવસ્થાપન પર ભાર મૂકવામાં આવ્યો છે. જિતેન્દ્ર સિંહે તમામ મંત્રાલયો અને વિભાગોને અભિયાનમાં વધુ સક્રિય ભાગીદારી નોંધાવવા અપીલ કરી હતી. તેમણે કચરાના પુનઃઉપયોગ, રિસાયક્લિંગ અને પર્યાવરણને અનુકૂળ વ્યવસ્થાપન અંગે જનજાગૃતિ વધારવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો.

### ગુગલ પે મારફતે ચાર ટ્રાન્ઝેક્શન કરી ખોટી રીતે નાણાં કાઢી લેવાયા

# ભાવનગરનાં અધેળાઈમાં બાળકની એક ભૂલથી પિતાનું બેંક એકાઉન્ટ ખાલી

**એપથી ફોન હેક કરી ૨.૭૮ હજારની સાયબર ઠગાઈ, મોબાઈલમાં રમતા બાળકે અજાણતા એપ ડાઉનલોડ કરી**

ભાવનગર, તા.૨૧

ભાવનગરના અધેળાઈ ગામેથી સાયબર ક્રાઈમ અને ઓનલાઈન છેતરપિંડીનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અધેળાઈ ગામે રહેતા અને ખેતીકામ કરતા યુવકના પાંચ વર્ષના પુત્રએ મોબાઈલ ફોન રમતા રમતા જીયા નામની એક શંકાસ્પદ એપ ડાઉનલોડ કરી લીધી હતી. આ એપના માધ્યમથી અજાણ્યા ઠગબાજે તેમનો હેક કરી રૂ.૭૮ હજાર ઉપાડી લીધા હતા.નકશા જુઓઆ સમગ્ર બનાવની જાણવા મળતી વિગતો અનુસાર અધેળાઈ ગામના રહેવાસી અને ખેતીકામ કરતા શંકરભાઈ ધનજીભાઈ દુમાદીયા (ઉં.વ. ૨૬) સાયબર ઠગાઈનો ભોગ બન્યા છે. ગત ૧૫ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ બપોરે તેમના પાંચ વર્ષના પુત્ર હાદકે રમતા રમતા ફોનમાં અજાણતા જીયા નામની એક શંકાસ્પદ એપ ડાઉનલોડ કરી લીધી હતી. આ એપના માધ્યમથી અજાણ્યા ઠગબાજે તેમનો મોટોરોલા એજ-૬૦ મોબાઈલ ફોન હેક કરી લીધો હતો.ત્યારબાદ, ફરિયાદી ખેતરે ગયા ત્યારે તેમનો ફોન હેક થઈ જતાં બંધ થઈ ગયો હતો. મોડી સાંજે એક વેપારીએ તેમના ખાતામાં રૂપિયા ૩,૦૦૦ ટ્રાન્સફર કરતાં તેમણે ગુગલ પે બેલેન્સ ચેક કર્યું હતું. ચેકિંગ દરમિયાન તેમને માલૂમ પડયું કે તેમના એકાઉન્ટમાંથી ૨૦,૦૦૦, ૨૦,૦૦૦, ૧૮,૦૦૦ અને ૨૦,૦૦૦ એમ ચાર અલગ-અલગ ટ્રાન્ઝેક્શન મારફતે કુલ રૂપિયા ૭૮,૦૦૦ની રકમ ઉપડી ગઈ હતી.ઘટનાની જાણ થતાં જ શંકરભાઈએ સાયબર સેલની હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી. આ મામલે વેળાવદર ભાલ પોલીસ મથકે અજાણ્યા શખ્સ સામે ભારતીય ન્યાય સંહિતા બીએનએસની કલમ ૩૦૮, ૩૧૮(૪), ૩૧૯(૨) તથા આઈ.ટી. એક્ટની કલમ ૬૬(સી) અને ૬૬(ડી) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસે આગળની વધુ તપાસ હાથ ધરી છે.

### સદીઓ જૂની પરંપરા ધીમે ધીમે ઓસરતી દેખાઈ રહી છે

# ચાઇનીઝ લાઇટોને કારણે ઓક્સિજન પર કોડિયાનો વ્યવસાય

**ચાઈનીઝ પ્રોડક્ટ્સને બદલે સ્થાનિક દિવડા ખરીદી ગરીબ પરિવારોને મદદ કરવી એ સામાજિક જવાબદારી છે**

અમદાવાદ,તા.૨૧

દિવાળી પૂર્વે બજારોમાં 'લોકલ ફોર વોકલ'નો નારો ગુંજે છે, પરંતુ ચાઈનીઝ લાઇટ્સનો દબદબો યથાવત્ છે. અમદાવાદના ચાંદલોડિયા કુંભારવાડામાં, કુંભાર પરિવારો દિવસ-રાત માટીના દીવડાં બનાવવામાં વ્યસ્ત છે. નદી કિનારેથી માટી લાવી, ચાકડા પર આકાર આપી તેઓ મહેનતથી જીવનનિર્વાહ ચલાવે છે. આજે પણ ઘણા લોકો દિવાળીમાં માટીના કોડિયાં જ શુભ માને છે. ચાઈનીઝ પ્રોડક્ટ્સને બદલે સ્થાનિક દિવડા ખરીદી ગરીબ પરિવારોને મદદ કરવી એ સામાજિક જવાબદારી છે. દીવાળી સહિતના મોટા તહેવારો નજીક આવતાં જ બજારમાં 'લોકલ ફોર વોકલ'ના નારાઓ ગુંજવા લાગે છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે ઝગમગાટ છવાયેલી ચાઈનીઝ સીરીઝો અને લાઈટ્સ હવે ભારતીય ઘરોમાં ઘર કરી ગઈ છે. આધુનિકતાના આ યુગમાં પરંપરાગત માટીના દીવા પોતાની અસ્તિત્વની લડાઈ લડી રહ્યા છે. એક સમય હતો જ્યારે દીવાળીના પર્વે ઘર-આંગણે માટીના કોડિયાં પ્રગટાવવાની ભારે માગ રહેતી હતી, પરંતુ આજે ચાઈનીઝ લાઈટ્સ સામે આ સદીઓ જૂની પરંપરા ધીમે ધીમે ઓસરતી દેખાઈ રહી છે.

આ પરિસ્થિતિ વચ્ચે પણ અમદાવાદ શહેરના અનેક વિસ્તારો, ખાસ કરીને ચાંદલોડિયાના કુંભારવાડામાં કુંભાર પરિવાર દીવસ-રાત એક કરીને માટીના દીવડા બનાવવામાં વ્યસ્ત છે. નદી કિનારેથી માટી લાવી, તેને યોગ્ય રીતે ગુંદીને ચાકડા પર આકાર આપવાની આ પ્રક્રિયા અત્યંત મહેનત માગી લે છે. કુંભારો માટે આ ચાકડો માત્ર માટી ફેરવવાનું સાધન નથી, પણ તેમના પરિવારના જીવનનિર્વાહનું મુખ્ય ચક્ર છે. ચાઈનીઝ પ્રોડક્ટ્સના આક્રમણ છતાં, આજે પણ સમાજમાં એવો એક વર્ગ છે જે દીવાળીના પવિત્ર દીવસે માટીના કોડિયામાં જ દીવો પ્રગટાવવાને શ્રેષ્ઠ અને શુભ માને છે. આ શ્રદ્ધાળુઓના કારણે જ માટીના વાસણો અને કોડિયાનો આ દેશી વ્યવસાય આજે 'ઓક્સિજન' પર પણ શ્વાસ લઈ રહ્યો છે. ચીજવસ્તુઓની આડમાં આપણી સંસ્કૃતિ પર હાવી થતી ચાઈનીઝ લાઈટોને બદલે જો આપણે માટીના દીવડા ખરીદીએ, તો કોઈ ગરીબ પરિવારના ઘરમાં પણ સાચા અર્થમાં દીવાળીનો પ્રકાશ પથરાઈ શકે છે. આજના તહેવારોમાં લોકલ કારીગરોને ટેકો આપીને તેમના ચાકડાનું ચક્ર ચાલતું રાખવું એ માત્ર પરંપરા જાળવવાનો પ્રશ્ન નથી, પણ આપણી સામાજિક જવાબદારી પણ છે.

### SIR વિવાદ વચ્ચે ગુસ્સે થયા SCના જજ

# ચૂંટણીમાં ખેલ થયો તો ચૂપ નહીં રહીએ : સુપ્રીમ કોર્ટ

**સુપ્રીમ કોર્ટે આ ટિપ્પણી આંધ્રપ્રદેશના મુખ્ય વિપક્ષી પક્ષ, YSRCPને વચગાળાની રાહત આપતી વખતે કરી હતી**

નવી દિલ્હી, તા.૨૧

CEC જ્ઞાનેશ કુમાર અને SIRને લગતા વિવાદ વચ્ચે, સુપ્રીમ કોર્ટે ગેરકાયદેસર અથવા ગેરબંધારણીય માધ્યમો દ્વારા ચૂંટણી પ્રક્રિયામાં વિક્ષેપ પાડવાના પ્રયાસો સામે કડક વલણ અપનાવ્યું છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે જ્યારે બંધારણીય અદાલતો સામાન્ય રીતે ચૂંટણી પ્રક્રિયામાં દખલ કરતી નથી, જ્યારે સ્વતંત્ર અને ન્યાયી ચૂંટણીઓ ગેરબંધારણીય અથવા ગેરકાયદેસર માધ્યમોથી દૂષિત ન થાય તે સુનિશ્ચિત કરવા માટે હસ્તક્ષેપ જરૂરી હોય છે, ત્યારે અદાલતોના હાથ બંધાયેલા નથી. સુપ્રીમ કોર્ટે આ ટિપ્પણી આંધ્રપ્રદેશના મુખ્ય વિપક્ષી પક્ષ, યુવાજન શ્રમિકા રાયથુ કોંગ્રેસ પાર્ટી (YSRCP)ને વચગાળાની રાહત આપતી વખતે કરી હતી. પક્ષે આરોપ લગાવ્યો હતો કે હિંસા અને નબળી કાયદો અને વ્યવસ્થા તેના ઉમેદવારોને શહેરી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ માટે નામાંકન દાખલ કરવાથી રોકી રહી છે. ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને વી. મોહનાની બેન્ચે જણાવ્યું હતું કે પક્ષે પ્રથમદર્શી કેસ કર્યો છે, જેમાં નામાંકન પ્રક્રિયાની પવિત્રતાનું રક્ષણ કરવા માટે નિર્દેશો આપવામાં આવ્યા છે. તેથી, બેન્ચે રાજ્ય ચૂંટણી પંચને YSRCPની નામાંકન સમયમર્યાદા લંબાવવાની વિનંતી પર વિચાર કરવાનો નિર્દેશ આપ્યો. પક્ષે તેના ઉમેદવારો સામે વ્યાપક હિંસાની ફરિયાદ કરી હતી.

કોર્ટે સ્પષ્ટ કર્યું કે તે ચૂંટણી પ્રક્રિયામાં સીધી દખલ કરી રહી નથી, પરંતુ આંધ્ર પ્રદેશ રાજ્ય ચૂંટણી પંચ (SEC)ને પક્ષની ફરિયાદ પર વિચાર કરવા અને યોગ્ય નિર્ણય લેવાની મંજૂરી આપી રહી છે. કોર્ટે જીઈઝને ૨૧ ઓક્ટોબરે ઉમેદવારોની અંતિમ યાદી જાહેર ન કરવાનો અને તેને ૨૩ ઓક્ટોબર સુધી મુલતવી રાખવાનો પણ નિર્દેશ આપ્યો હતો. રૂજીઇઝૅએ સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો અને આરોપ લગાવ્યો હતો કે હિંસા અને અવરોધોને કારણે તેના લગભગ બે તૃતીયાંશ ઉમેદવારો શહેરી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ માટે નામાંકન દાખલ કરી શકતા નથી.

વાયએસઆરસીપીએ અગાઉ હિંસાની અપેક્ષાએ આંધ્ર પ્રદેશ હાઈકોર્ટ પાસેથી આગોતરા પગલાં માંગ્યા હતા, પરંતુ હાઈકોર્ટે ૧૫ ઓક્ટોબરના રોજ આગોતરા પગલાં માંગતી અરજી ફગાવી દીધી હતી. ત્યારબાદ હાઈકોર્ટે નામાંકન સમયમર્યાદા લંબાવવાની તેની વિનંતીને ફગાવી દીધી, જેના કારણે પક્ષ સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરવા માટે મજબૂર થયો. આ અરજીનો રાજ્ય સરકાર અને રાજ્ય ચૂંટણી પંચ (SEC) બંને દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો.

લાઈવ લો રિપોર્ટ અનુસાર, ન્યાયાધીશ બાગચી અને મોહનાની બનેલી બેન્ચે ઠરાવ્યું હતું કે YSRCP એ નામાંકન પ્રક્રિયાની અખંડિતતાના રક્ષણ માટે પ્રથમ દૃષ્ટિએ કેસ રજૂ કર્યો હતો. સુનાવણી દરમિયાન, બેન્ચે મહત્વપૂર્ણ અવલોકનો કર્યા હતા, જેમાં કહેવામાં આવ્યું હતું કે "મુક્ત અને ન્યાયી ચૂંટણીઓ બંધારણનું મૂળભૂત માળખું છે" અને નામાંકન દાખલ કરવું એ તેનો અભિન્ન ભાગ છે. બંધારણીય અદાલતો બંધારણીય મૂલ્યોના રક્ષક છે." કોર્ટે એમ પણ કહ્યું કે બંધારણીય લોકશાહીના અસ્તિત્વ માટે ચૂંટણી પ્રક્રિયામાં જનતાનો વિશ્વાસ જાળવી રાખવો જરૂરી છે. બેન્ચે વધુમાં કહ્યું, "વિરોધી પક્ષ દ્વારા રજૂ કરાયેલા વિડિયો ક્લિપ્સ અને ભૌતિક અને ઈલેક્ટ્રોનિક મેમોરેન્ડાને ધ્યાનમાં રાખીને, કોર્ટ ન્યાયિક સમીક્ષા પ્રત્યે આંખ આડા કાન કરી શકે નહીં."

### ઘરેણાંનું વેચાણ ૪૦% ઘટ્યું

# સોનાના ઊંચા ભાવે દશેરાની ખરીદીમાં ઓટ

**બજારના અંદાજ મુજબ, રાજ્યમાં દશેરા દરમિયાન સોનાના ઘરેણાંનું છૂટક વેચાણ આશરે ૧૦૦થી ૧૨૦ કિલોગ્રામ રહ્યું હતું**

અમદાવાદ,તા.૨૧

ગુજરાતમાં દશેરાના તહેવાર દરમિયાન સોનાના ઘરેણાંના વેચાણમાં ગયા વર્ષની સરખામણીએ આશરે ૪૦% ઘટાડો નોંધાયો હતો. ઊંચા ભાવ અને ખરીદશક્તિમાં ઘટાડાને કારણે ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાંથી ઘરેણાંની માંગ નબળી રહી હતી. બજારના અંદાજ મુજબ, રાજ્યમાં દશેરા દરમિયાન સોનાના ઘરેણાંનું છૂટક વેચાણ આશરે ૧૦૦થી ૧૨૦ કિલોગ્રામ રહ્યું હતું. દશેરાના દિવસે સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ આશરે ૧.૫૦ લાખ રહ્યો હતો, જે ગયા વર્ષના ૧,૨૧,૭૦૦ કરતાં ૨૩.૩% વધુ છે. બીજી તરફ, ચાંદીના ભાવમાં પણ નોંધપાત્ર વધારો થયો હતો. ચાંદીનો ભાવ પ્રતિ કિલોગ્રામ ૧,૪૮,૫૦૦થી વધીને ૨.૧૪ લાખ થયો હતો, જે ૪૪.૧%નો વધારો દર્શાવે છે.

ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA)ના ડિરેક્ટર હરીશ આચાર્યના જણાવ્યા અનુસાર, વૈશ્વિક ઊર્જા પુરવઠામાં વિક્ષેપની આશંકા, વિદેશી વિનિમય બજારમાં અસ્થિરતા અને આયાત ડ્યૂટીમાં તાજેતરના ફેરફારોએ સ્થાનિક સોનાના ભાવને અસર કરી હતી. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં મર્યાદિત વરસાદને કારણે કૃષિ આવક પર પડેલી અસરથી ગ્રામીણ માંગ પણ નબળી રહી હતી.

માણેક ચોક ચોકસી મહાજનના પ્રમુખ ચીનુભાઈ ચોકસીના જણાવ્યા મુજબ, મોંઘવારી અને સોનાના ઊંચા ભાવને કારણે ગ્રાહકો ખર્ચમાં સાવચેતી રાખી રહ્યા હતા. કેટલાક ગ્રાહકો હવે ૯ કેરેટ અને ૧૮ કેરેટનાં હળવાં ઘરેણાં ખરીદવાનું પસંદ કરી રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાંથી ખરીદદારોની હાજરી પણ ઓછી જોવા મળી હતી.

જ્વેલર્સના જણાવ્યા અનુસાર, લગ્નપ્રસંગ માટેનાં ઘરેણાં અને હળવા આભૂષણોની માંગ અમુક અંશે જળવાઈ રહી હતી, પરંતુ અગાઉથી ઓર્ડર આપવાની પ્રવૃત્તિ મર્યાદિત હતી. જ્વેલર મનોજ સોનીએ જણાવ્યું હતું કે, સોનાની આપ-લે દ્વારા થયેલા વ્યવહારો કુલ વ્યવહારોના આશરે ૮૦થી ૮૫% હતા.ઘરેણાંની ખરીદીમાં રોકડ ચુકવણી ઓછી જોવા મળી હતી. ગ્રાહકો UPI, ક્રેડિટ-ડેબિટ કાર્ડ અને ઈન્ટરનેટ બેક્કિંગ દ્વારા ચુકવણી કરી રહ્યા હતા. ઉદ્યોગના અંદાજ મુજબ, કુલ વેચાણમાં ઘરેણાંનો હિસ્સો આશરે ૮૦% હતો, જ્યારે સોનાના સિક્કા અને બારનો હિસ્સો ૨૦% રહ્યો હતો.તહેવારો દરમિયાન ભગવાન ગણેશ અને માતા લક્ષ્મીની ચાંદીની મૂર્તિઓની ખરીદીને કારણે ચાંદીની માંગ મજબૂત રહી હતી. અમદાવાદ જ્વેલર્સ એસોસિએશનના સંયુક્ત સચિવ આશિષ ઝવેરીના જણાવ્યા મુજબ, ૯ અને ૧૪ કેરેટનાં હળવાં ઘરેણાંની માંગ વધી રહી છે, જ્યારે ચાંદીમાં દૈનિક ઉપયોગનાં આભૂષણોથી લઈને ભારે સેટ સુધીની વિવિધ પ્રોડક્ટ્સ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.સોનાના વધતા ભાવથી ઘરેણાંના વેચાણ પર દબાણ આવ્યું છે. ખાસ કરીને ગ્રામીણ આવકમાં ઘટાડો અને મોંઘવારીને કારણે ગ્રાહકો મોટી ખરીદી ટાળી રહ્યા છે.

જો સોનાના ભાવ ઊંચા સ્તરે જળવાઈ રહે, તો આગામી તહેવારો અને લગ્નની સિઝનમાં પણ ગ્રાહકો હળવાં ઘરેણાં, ઓછા કેરેટનાં આભૂષણો અને ચાંદીના વિકલ્પો તરફ વળી શકે છે. જોકે, આગામી વેચાણનો ટ્રેન્ડ સોનાના ભાવ, કૃષિ આવક અને ગ્રાહકોની ખરીદશક્તિ પર નિર્ભર રહેશે.

### પોલીસ બેડામાંથી એક ચોંકાવનારી અને ગંભીર ઘટના

# ACBમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ રહસ્યમય સંજોગોમાં ગુમ થયા

**ઘરેથી ચિઠ્ઠી મળ્યા બાદ પત્નીની ફરિયાદના આધારે નીલમબાગ પોલીસે તપાસ શરૂ કરી**

ભાવનગર,તા.૨૧

ભાવનગર શહેરના પોલીસ બેડામાંથી એક અત્યંત ચોંકાવનારી અને ગંભીર ઘટના સામે આવી છે. ભાવનગર એન્ટી કરપ્શન બ્યુરો (ACB) માં ફરજ બજાવતા કોન્સ્ટેબલ જયેન્દ્રસિંહ નરપતસિંહ ગોહિલ અચાનક રહસ્યમય સંજોગોમાં ગુમ થઈ ગયા છે. અચાનક તેઓ લાપતા થઈ જવાથી પરિવારજનોમાં ભારે ચિંતા વ્યાપી ગઈ છે અને પોલીસ વિભાગમાં પણ હડકંપ મચી ગયો છે. લાંબા સમયથી ફરજ પર હાજર આ કર્મચારીનો કોઈ જ પત્તો ન લાગતા સહકર્મીઓ પણ ચિંતામાં મુકાયા છે.

જયેન્દ્રસિંહ ગોહિલ ગુમ થયા બાદ તેમના ઘરની અંદરથી એક લેખિત નોટ મળી આવી હોવાની વાત સામે આવી છે. આ નોટ મળ્યા બાદ મામલો વધુ ગંભીર બન્યો છે અને પરિવારની ચિંતા અનેકગણી વધી ગઈ છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને કોન્સ્ટેબલના પત્ની દ્વારા તુરંત જ સક્રિયતા દાખવીને શહેરના નીલમબાગ પોલીસ સ્ટેશનમાં જઈને સમગ્ર મામલે જાણ કરવામાં આવી હતી અને પતિને હેમખેમ શોધી આપવા માટે આજીજી કરવામાં આવી હતી. પરિવાર દ્વારા આપવામાં આવેલી ફરિયાદ અને માહિતીના આધારે નીલમબાગ પોલીસે તાત્કાલિક ધોરણે ગુમનોંડ નોંધીને તપાસના ચક્રો તીવ્ર ગતિએ ગતિમાન કર્યા છે.

પોલીસે જયેન્દ્રસિંહના મોબાઈલ લોકેશન, ૩ થી ૪ મુખ્ય રૂટ્સના CCTV ફૂટેજ તેમજ તેમના સંપર્કમાં રહેલા લોકોની પૂછપરછ કરવાનું શરૂ કર્યું છે. પોલીસની અલગ-અલગ ટીમો બનાવીને કોન્સ્ટેબલને શોધી કાઢવા માટે ચારેય દિશામાં સઘન તપાસ હાથ ધરવામાં આવી છે.

# અમરેલી ખાતે ડો. ભગીરથ વાળાની અર્થ ડેન્ટલ હોસ્પિટલનો નવા કાયમી સ્થળે શુભારંભ થયો
















અમરેલીનાં જાણીતા ડો. ભગીરથ વાળાની અર્થ ડેન્ટલ હોસ્પિટલ દ્વારા પાંચ વર્ષની સફળ સફર પૂર્ણ કર્યા બાદ નવા કાયમી સ્થળ શુભ પ્રસ્થાન કરવામાં આવ્યું છે. અત્યાર સુધી રાજકમલ ચોક નજીક કાર્યરત આ હોસ્પિટલમાં છેલ્લા ચાર વર્ષ દરમિયાન ૧૭,૦૦૦થી વધુ દર્દીઓને સફળતાપૂર્વક દંત સારવાર આપવામાં આવી છે. દર્દીઓના વિશ્વાસ, સહકાર અને સ્નેહથી પ્રેરિત થઈ અર્થ ડેન્ટલ હોસ્પિટલ હવે સ્વામિનારાયણ મંદિર રોડ, માણેકપરા, ગણેશ કોમ્પ્લેકસ સામે, એચડીએફસી બેંક નજીક નવા સ્થળે કાર્યરત બની છે. આ પ્રસંગે યોજાયેલા ઉદઘાટન સમારોહમાં સંતો–મહંતો, ધાર્મિક અગ્રણીઓ, રાજકીય આગેવાનો, સામાજિક અગ્રણીઓ તથા અમરેલી અને આસપાસનાં વિસ્તારોનાં જાણીતા તબીબોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. ધાર્મિક ક્ષેત્રનાં મહાનુભાવોમાં માનવ મંદિર, સાવરકુંડલાનાં પૂજય ભક્તિરામ બાપુ, ચલાલા દાનેવ ધામનાં પૂજય લઘુમહંત મહાવીર બાપુ તથા ઉદયબાપુ, દેવગામ રાજરાજેશ્વરી ગાત્રાળ માતાજીનાં મંદિરનાં પૂજારી દીપક જતીબાપુ અને ગાયત્રી મંદિર, ચલાલાનાં રતીદાદા સહિતનાં સંતો–મહંતો તથા ધાર્મિક અગ્રણીઓએ ઉપસ્થિત રહી આશીર્વાદ પાઠવ્યા હતા. રાજકીય અને જાહેર જીવનનાં મહાનુભાવોમાં રાજય સરકારનાં મંત્રી કૌશિકભાઈ વેકરિયા, અમર ડેરીનાં ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, પૂર્વ ધારાસભ્ય મનસુખભાઈ ભુવા, અમર ડેરીનાં વાઈસ ચેરમેન મુકેશ સંઘાણી, ગુજરાત રાજય કિશાન મોરચાનાં પ્રમુખ હિરેનભાઈ હિરપરા, અમરેલી જિલ્લા પંચાયતનાં પ્રમુખ દક્ષાબેન ચોરવડિયા, અમરેલીનાં સાંસદ ભરતભાઈ સુતરિયા, અમરેલી નગરપાલિકાનાં પ્રમુખ વૈશાલીબેન માંગરોલિયા, ચલાલા નગરપાલિકાનાં પ્રમુખ જયરાજભાઈ વાળા, ધારી નગરપાલિકાનાં પ્રમુખ જયરાજભાઈ બસિયા તથા જૂનાગઢ જિલ્લા ભાજપનાં મંત્રી નરેન્દ્રભાઈ કોટીલા , જિલ્લા પંચાયતનાં તમામ ચેરમેનશ્રીઓ અને સદસ્યશ્રીઓ, અમરેલી નગરપાલિકાનાં તમામ સદસ્યશ્રીઓ, અમરેલી જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સનાં આગેવાનો તથા પ્રમુખ સહિતનાં રાજકીય અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. તબીબી જગતમાંથી અમરેલી શહેર તથા આસપાસનાં વિસ્તારોનાં જાણીતા તબીબો ડો. ગજેરા, ડો. ધાકડા, ડો. પંડયા, ડો. કુબાવત, ડો. રિબડિયા, ડો. દેવલ, ડો. સોજીત્રા, ડો. ગોયાણી તથા ડો. જેડી પટેલ સહિતનાં અનેક તબીબો અને તબીબી ક્ષેત્રનાં અગ્રણીઓએ ઉપસ્થિત રહી પ્રસંગની શોભા વધારી હતી. અર્થ ડેન્ટલ હોસ્પિટલનાં સંચાલક ડો. ભગીરથ વાળાએ આ પ્રસંગે દર્દીઓ, શુભેચ્છકો અને સહયોગીઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, છેલ્લા ચાર વર્ષ દરમિયાન અમરેલીનાં લોકોએ જે પ્રેમ, વિશ્વાસ અને સહકાર આપ્યો છે, તે હોસ્પિટલની સૌથી મોટી મૂડી છે. ૧૫,૦૦૦થી વધુ દર્દીઓની સારવારની સફર માત્ર એક આંકડો નથી, પરંતુ દર્દીઓના અતૂટ વિશ્વાસ અને ટીમનાં સતત પ્રયત્નોનું પ્રતિબિંબ છે. નવા સ્થળે વધુ આધુનિક સુવિધાઓ સાથે ગુણવત્તાસભર દંત સારવાર ઉપલબ્ધ કરાવી દર્દીઓની સેવા કરવાનો સંકલ્પ છે. સંતો–મહંતોનાં આશીર્વાદ, મહાનુભાવોની ઉપસ્થિતિ અને શુભેચ્છકોના સ્નેહ વચ્ચે અર્થ ડેન્ટલ હોસ્પિટલનું આ નવું પ્રસ્થાન આરોગ્ય સેવાનાં ક્ષેત્રમાં વધુ સારી અને આધુનિક દંત સારવાર પૂરી પાડવાની દિશામાં એક નવું સોપાન બની રહ્યું છે. તેવું જિલ્લા પંચાયતનાં પૂર્વ ઉપપ્રમુખ ભુપતભાઈ વાળાએ જણાવ્યું.

## પાના ૧ ઉપરનું ચાલું બગસરાનાં કડાયા ગામે

વાડીએ રહેતા સેતુ રૂપચંદ ડામોર નામના ૨૩ વર્ષીય યુવક તા.૧૯ ના રોજ સાંજે ૭/૪૫ વાગ્યા દરમ્યાન વાડીએ થ્રેસર મશીન પાસે કામ કરતા હોય ત્યારે કોઈ કારણોસર યુવક કોઈ થ્રેસર મશીનમાં આવી જતા તેમને ગળાના ભાગે જમણા હાથે તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ થતા સારવારમાં બગસરા સરકારી દવાખાને લાવતા ત્યા ફરજ પરના તબીબે યુવકને મૃત જાહેર કરેલ હતા.

## પાના ૧ ઉપરનું ચાલું નાસતા–ફરતા આરોપીની અટકાયત

સચોટ બાતમી મળતા પેરોલ ટીમ તુરતજ હકીકત વાળી જગ્યાએ જઈ આરોપી તથા ભોગ બનનારને આજે તા. ૨૧નાં રોજ સમઢીયાળા ખાતેથી હસ્તગત કરી આગળ ની ઘટતી કાર્યવાહી કરવા સારૂ ધારી પોલીસ સ્ટેશનને સોંપી આપવા તજવીજ કરેલ છે. આ બનાવમાં ધારી પોલીસ સ્ટેશનમાં બીએનએસ ક. ૧૩૭(૨), ૮૭ તથા પોકસો કલમ ૧૮ મુજબના ગુન્હામાં ચાર માસ પહેલા આરોપી અશ્વિનભાઈ ભીખાભાઈ વાઘેલાએ ભોગ બનનાર તરૂણીને તેમના માતા પિતાનાં વાલીપણામાંથી બદકામ કરવાનાં ઈરાદે લલચાવી ફોસલાવી ભગાડી અપહરણ કરી લઈ જઈ ગયેલ હતો. અને તે સમયથી જ આરોપી ભોગ બનનાર સાથે સુધી નાસતો–ફરતો હતો. અને આરોપી વિરૂધ્ધ નામદાર કોર્ટ દ્વારા તેના બીએનએસ કલમ ૭૨ મુબજનું વોરંટ ઈશ્યુ કરેલ હતું.

## અવસાન નોંધ

**અમરેલી :** ઈન્દિરાબેન પ્રતાપરાય જોષી (ઉ.વ. ૮૫) તે પ્રતાપરાય જોષીનાં ધર્મપત્ની તથા હિતેન્દ્રભાઈ (રાજુભાઈ), શૈલેન્દ્રભાઈનાં માતૃશ્રી તેમજ કરણ, અભિષેક અને શ્વેતાના દાદી, હિનાબેન અને અંજનાબેનનાં સાસુ તેમજ સોનલબેનનાં મોટાસાસુનું તા. ૧૭/૧૦/૨૦૨૬ ને શનિવારનાં રોજ અમરેલી મુકામે અવસાન થયેલ છે.

સદ્ગતનું બેસણું તા. ૨૨/૧૦/૨૬ ને ગુરૂવારનાં રોજ સાંજે ૪ થી ૬ કલાકે શ્રી રામેશ્વર મંદિર, શેરી નં. ૪ રામવાડી ચક્કરગઢ રોડ, અમરેલી મુકામે રાખેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ગિરનાર શીંગ | ૧૦૪૫ | ૧૬૦૫ |
| ૨ | શિંગ મોટી | ૧૨૦૦ | ૧૬૧૫ |
| ૩ | શિંગદાણા ફાડા | ૧૪૧૫ | ૧૬૬૦ |
| ૪ | તલ સફેદ | ૨૬૮૦ | ૩૭૯૦ |
| ૫ | તલ કાળા | ૨૫૦૦ | ૪૨૧૫ |
| ૬ | બાજરો | ૩૩૫ | ૫૧૫ |
| ૭ | જુવાર | ૧૦૨૦ | ૧૪૪૦ |
| ૮ | ઘઉં બંસી | ૫૬૫ | ૫૬૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૭૨૫ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૪૫ | ૫૯૦ |
| ૧૧ | અડદ | ૧૨૦૦ | ૨૧૧૫ |
| ૧૨ | ચણા | ૧૦૫૦ | ૧૪૫૦ |
| ૧૩ | સફેદ ચણા | ૧૪૫૦ | ૧૪૫૦ |
| ૧૪ | છોલે ચણા | ૧૭૦૦ | ૨૦૧૦ |
| ૧૫ | તુવેર | ૧૧૫૦ | ૧૮૯૦ |
| ૧૬ | કપાસ | ૧૦૯૦ | ૧૯૭૫ |
| ૧૭ | એરંડા | ૧૪૦૦ | ૧૫૭૦ |

## પાના ૧ ઉપરનું ચાલું હોર્ડિંગ લગાવો કોઈ ચિંતા નથી

મુજબ જાહેરતનાં હોર્ડિંગની સાઈઝ, મજબુતી, સુરક્ષા, સ્થળને લઈને એક ખાસ ગાઈડલાઈન છે અને તેની મંજૂરી પાલિકા પાસેથી લીધા બાદ જ કોઈપણ સ્થળે હોર્ડિંગ લગાવી શકાય છે.

પરંતુ, અમરેલીમાં વૃક્ષ, વીજપોલ, સ્ટ્રીટલાઈટ પોલ, માર્ગની ગ્રીલ કે પછી અન્ય સરકારી પડતર કે અન્ય કોઈ જમીન ઉપર મનફાવે તે રીતે હોર્ડિંગ લગાવી દેવાતા હોય માર્ગ સુરક્ષા, જનસુરક્ષાનાં નિયમોનો ખુલ્લેઆમ ઉલાળીયો થતો જોવા મળી રહ્યો છે.

અમરેલીનાં ભીડભંજન મંદિરથી સ્ટેશન રોડ ઉપર માર્ગ ડીવાઈડરની વચ્ચે, ઠેબી જળાશયની ગોળાઈમાં, રાજમહેલ કેમ્પસમાં વીજપોલ સહિત સેંકડો સ્થળોએ નિયમ વિરૂધ્ધ હોર્ડિંગ લગાવી દેવાયા હોય પાલિકાનાં બાંધકામ વિભાગે તમામ જાહેરાતકર્તાઓ નોટિસ પાઠવીને નિયમ વિરૂધ્ધ લગાવાયેલ હોર્ડિંગ હટાવવાની સાથે આકરો દંડ ફટકારીને પૂનઃ નિયમોનો ઉલાળીયો ન કરવા તાકીદ કરવી જોઈએ તેવી માંગ શહેરીજનો કરી રહ્યા છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૮૮૦ | ૧૯૫૦ |
| ૨ | મગફળી | ૧૧૭૫ | ૧૪૭૬ |
| ૩ | ચણા | ૧૧૦૫ | ૧૧૦૫ |
| ૪ | તલ સફેદ | ૨૬૫૦ | ૩૨૦૦ |
| ૫ | જુવાર સફેદ | ૧૨૮૧ | ૧૩૦૦ |
| ૬ | સોયાબીન | ૧૩૦૦ | ૧૪૦૦ |
| ૭ | અડદ | ૧૭૯૯ | ૧૮૬૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૩૦૦ | ૧૭૭૫ |
| ૨ | શીંગ મોટી | ૧૩૨૦ | ૧૭૧૧ |
| ૩ | તલ સફેદ | ૨૫૦૦ | ૩૦૫૦ |
| ૪ | તલ કાળા | ૩૧૨૫ | ૪૦૨૨ |
| ૫ | જીરૂ | ૪૫૫૦ | ૫૧૦૦ |
| ૬ | કપાસ | ૧૯૦૦ | ૧૯૭૦ |
| ૭ | ઘઉં લોકવન | ૫૪૦ | ૫૮૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૨૨ |
| ૯ | બાજરો | ૪૦૦ | ૫૨૦ |
| ૧૦ | જુવાર | ૯૦૦ | ૧૩૧૦ |
| ૧૧ | અડદ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ૧૨ | ચણા | ૧૨૨૫ | ૧૫૨૫ |
| ૧૩ | દેશી ચણા | ૧૨૦૦ | ૧૪૩૦ |
| ૧૪ | તુવેર | ૧૫૦૦ | ૧૮૫૧ |
| ૧૫ | સોયાબીન | ૧૨૫૦ | ૧૪૨૫ |
| ૧૬ | રજકાબી | – | ૮૫૦૦ |

## પાના ૮ ઉપરનું ચાલું જાફરાબાદનાં લુણસાપુર નજીક

મોત નિપજયું હતું. આગળ જતી બાઈકને પાછળથી આવેલા ટ્રકે અડફેટે લઈ કચડી નાખતાં સર્જાયેલી આ દુર્ઘટનાથી પંથકમાં અરેરાટી ફેલાઈ હતી.

આ બનાવમાં પ્રાપ્ત વિગતો અનુસાર જાફરાબાદના લુણસાપુર ગામ નજીક આજે બાઈક નંબર જી.જે.–૧૧ બી.ડી.–૪૬૪ અને ટ્રક નંબર જી.જે.–૧૪ ઝેડ–૩૫૫૫ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. દરમિયાન ટ્રકની અડફેટે આવેલા બાઈક ચાલક ભરત બાબુ શિયાળ (ઉંમર વર્ષ ૨૨)નું ગંભીર ઈજાઓના કારણે ઘટનાસ્થળે જ મોત નિપજયું હતું. અકસ્માતની જાણ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સની મદદથી મૃતકને જાફરાબાદની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. બનાવની જાણ થતાં પોલીસે ઘટના સ્થળ પહોંચી અકસ્માત અંગે તપાસ શરૂ કરી છે. અકસ્માત કયા સંજોગોમાં સર્જાયો અને જવાબદારી કોની છે તે સહિતની વિગતો પોલીસ તપાસ બાદ સ્પષ્ટ થશે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૮૪૦ | ૧૯૭૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૭૫૦ | ૧૮૦૦ |
| ૩ | મગફળી | ૧૪૨૦ | ૧૫૯૫ |
| ૪ | તલ સફેદ | ૨૮૪૦ | ૩૧૪૦ |
| ૫ | તલ કાળા | ૩૨૧૦ | ૩૯૫૦ |
| ૬ | જીરૂ | ૪૭૫૦ | ૫૩૯૫ |
| ૭ | ચણા | ૧૨૭૦ | ૧૩૩૦ |
| ૮ | ઘઉં | ૫૨૧ | ૫૮૫ |
| ૯ | અડદ | ૧૭૩૦ | ૧૮૪૫ |
| ૧૦ | મગ | ૧૪૮૦ | ૧૬૭૫ |
| ૧૧ | સોયાબીન | ૧૩૪૦ | ૧૩૬૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૮૯૦ | ૧૯૭૭ |
| ૨ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૩૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૦૮ | ૫૦૮ |
| ૪ | તલ કાળા | ૩૫૪૫ | ૩૫૪૫ |
| ૫ | મગફળી | ૧૦૧૫ | ૧૪૫૧ |
| ૬ | ચણા | ૧૦૫૦ | ૧૩૭૫ |
| ૭ | મકાઈ | ૪૪૦ | ૪૪૦ |
| ૮ | લસણ | ૭૩૫ | ૭૩૫ |
| ૯ | સોયાબીન | ૧૨૦૧ | ૧૩૬૧ |
| ૧૦ | મગ | ૧૬૨૫ | ૧૬૨૫ |
| ૧૧ | શીંગદાણા | ૧૭૯૦ | ૧૭૯૦ |
| ૧૨ | તલ સફેદ | ૩૧૦૦ | ૩૧૦૦ |
| ૧૩ | તુવેર | ૧૫૯૦ | ૧૫૯૦ |
| ૧૪ | બાજરો | ૪૦૫ | ૪૦૫ |

## પાના ૮ ઉપરનું ચાલું સાવરકુંડલામાં રૂ. ૫૫ કરોડના ખર્ચે

તબીબી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે. સાથે જ ભવિષ્યમાં વિવિધ રોગોની સારવાર માટે નિષ્ણાત તબીબોની સેવાઓ ઉપલબ્ધ થાય તે દિશામાં પણ આ પ્રોજેક્ટ મહત્ત્વપૂર્ણ સાબિત થઈ શકે છે.

સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાલાએ જણાવ્યું હતું કે, સાવરકુંડલા માટે આ સદનસીબની વાત છે કે રાજ્ય સરકારના માધ્યમથી શહેરને જિલ્લા હોસ્પિટલનો દરજ્જો મળવા જઈ રહ્યો છે. જ્યારે કોઈ હોસ્પિટલ જિલ્લા કક્ષાની હોય ત્યારે સમગ્ર જિલ્લામાંથી દર્દીઓ ત્યાં સારવાર માટે આવતા હોય છે. તેથી આવી હોસ્પિટલમાં આધુનિક સુવિધાઓ અને યોગ્ય વ્યવસ્થાઓ હોવી ખૂબ જ જરૂરી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાજ્ય સરકારે આ હોસ્પિટલના નિર્માણ માટે રૂ.૫૫ કરોડ જેટલી માતબર રકમ મંજૂર કરી છે. રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનસેરિયાના હસ્તે તાજેતરમાં જ હોસ્પિટલના નિર્માણકાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. હાલમાં હોસ્પિટલનું કામ આગળ વધી રહ્યું છે અને ભવિષ્યમાં અહીં વિવિધ તબીબી શાખાઓના નિષ્ણાત ડોકટરોની સેવાઓ ઉપલબ્ધ થવાની અપેક્ષા છે. ધારાસભ્ય મહેશ કસવાલાના જણાવ્યા અનુસાર, કિડની સહિતના વિવિધ ગંભીર રોગોની સારવાર માટે અત્યાર સુધી અનેક દર્દીઓને રાજકોટ અથવા અમદાવાદ જવું પડતું હોય છે. પરંતુ સાવરકુંડલામાં સુપર મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલનું નિર્માણ પૂર્ણ થયા બાદ અહીં જ વિવિધ રોગોની સારવાર મળી શકે તેવી વ્યવસ્થા ઊભી થશે. જેના કારણે દર્દીઓ અને તેમના પરિવારજનોનો સમય, મુસાફરીનો ખર્ચ અને અન્ય મુશ્કેલીઓમાં ઘટાડો થઈ શકે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા અત્યાધુનિક બિલ્ડિંગ, આધુનિક લેબોરેટરી અને જરૂરી તબીબી સુવિધાઓ માટે સહયોગ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત, થોડા સમય પહેલાં જ સાવરકુંડલાની આ જ હોસ્પિટલના સંકુલમાં અમરેલી જિલ્લાની પ્રથમ સરકારી બ્લડ બેંક પણ શરૂ કરવામાં આવી છે, જે આરોગ્ય સેવાઓની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ પગલું છે.


## :: પબ્લીક નોટિસ ::

આથી આ જાહેર નોટિસ આપી જાણ કરવાની કે, અમરેલી જિલ્લાનાં બાબરા તાલુકાનાં મોજે **ગળકોટડી** ગામે ખેડ ખાતા નં. ૬૪૬, સ.નં. ૧૯, હે.આ.ચો.મી. ૧–૩૪–૨૧ વાળી ખેતીની જમીન **શરદભાઈ ભીખુભાઈ સીંધવ વિ.** નાં કબ્જા વ ભોગવટાની મીલ્કત અમારા અસીલ **મનજીભાઈ લવજીભાઈ પીપળીયા** વિ. બિનશરતી અઘાટ વેચાણથી ખરીદવા માંગે છે.

સબબ સદરહું મિલ્કત સામે કોઈપણ વાંધા–તકરાર હોય કે આ મિલ્કતમાં સહકારી / અર્ધસહકારી / સરકારી કે ખાનગી સંસ્થા કે વ્યકિતગત કોઈપણ સ્વરૂપે હક્ક, હિત, હિસ્સો, ગીરો, બોજો, અગ્રહક્ક કે બાનાખત, કબ્જો વિ. હોય તો તેમણે આ નોટિસ પ્રસિધ્ધ થયાનાં દિન–૦૭ માં સંપુર્ણ આધાર પુરાવા સાથે મારા નીચે દર્શાવેલા સરનામે અમોને લેખિત/રૂબરૂ જાણ કરશો. તેમા કસૂર થયે સહકારી / અર્ધસહકારી / સરકારી કે ખાનગી સંસ્થા કે વ્યકિતગત કોઈપણ સ્વરૂપે હક્ક, હિત, હિસ્સો, ગીરો, બોજો, અગ્રહક્ક કે બાનાખત, કબ્જો વિ. કે કોઈપણ પ્રકારનો વાંધો નથી અને હોય તો તે જતો (વેઈવ) કરેલ હોવાનું ગણી મારા અસીલ અવેજની રકમ ચૂકવીને વેચાણ દસ્તાવેજ રજી. કરાવી લેશે. ત્યારબાદ મારા અસીલને સુદ્ધ–બુદ્ધીનાં ખરીદનાર તરીકે કોઈપણ વાંધા તકરાર બંધન કર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

(અમારા અસીલ વતી)

**કીરીટ એલ.પરવાડીયા** (એડવોકેટ)
નાગનાથ કોમ્પ્લેક્ષ, મું. બાબરા, જિ.અમરેલી

# અમરેલી : ગજેરા કેમ્પસ-વિદ્યાસભા ખાતે દશેરા પર્વની પરંપરાગત હર્ષોલ્લાસ સાથે ઉજવણી



અમરેલીનાં લાઠી રોડ સ્થિત શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ–વિદ્યાસભા ખાતે વિજયાદશમી એટલે કે દશેરા પર્વની ઉજવણી ધાર્મિક ભાવના અને પરંપરાગત ઉત્સાહ સાથે કરવામાં આવી હતી. આ પાવન અવસરે કેમ્પસની શૂટિંગ રેન્જ ખાતે શસ્ત્રપૂજન અને આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતીય સંસ્કૃતિમાં દશેરા પર્વ અસત્ય પર સત્યના, અધર્મ પર ધર્મના અને અન્યાય પર ન્યાયનાં વિજયનું પ્રતીક છે. આ પર્વ શૌર્ય, સાહસ, શક્તિ, શિસ્ત અને સદાચારનાં મૂલ્યોને જીવનમાં ઉતારવાની પ્રેરણા આપે છે. આ પ્રસંગે સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરાએ કેમ્પસનાં તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકગણ, કર્મચારીગણ, વાલીઓ તથા સમગ્ર સંસ્થા પરિવારને દશેરા પર્વની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. તેમણે નવદુર્ગા માતાનાં ચરણોમાં પ્રાર્થનાં વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, કેમ્પસનાં તમામ વિદ્યાર્થીઓ સ્વસ્થ અને તંદુરસ્ત રહે, તેમનામાં આત્મવિશ્વાસ વધે, તેઓ જીવનનાં દરેક ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરે અને સંસ્કાર, શિસ્ત તથા રાષ્ટ્રપ્રેમથી સભર શ્રેષ્ઠ નાગરિક બને. વર્ષ ૧૯૫૯થી શિક્ષણક્ષેત્રે જ્ઞાન, સંસ્કાર અને સર્વાંગી વિકાસની પરંપરા જાળવી રહેલા ગજેરા કેમ્પસ– વિદ્યાસભા દ્વારા શૈક્ષણિક પ્રવૃત્તિઓની સાથે ભારતીય સંસ્કૃતિ, પરંપરા અને નૈતિક મૂલ્યોનું સંવર્ધન થાય તેવા પ્રયાસો કરવામાં આવે છે. શસ્ત્રપૂજન અને આરતીનાં પવિત્ર માહોલમાં યોજાયેલી આ ઉજવણી દ્વારા સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ, સ્વાસ્થ્ય અને સફળતાનો સંદેશ આપવામાં આવ્યો હતો. ગજેરા કેમ્પસ–વિદ્યાસભા પરિવાર તરફથી સૌને વિજયાદશમી પર્વની હાર્દિક શુભકામનાઓ.

### વિજયાદશમીનાં પર્વ નિમિતે

## લીલીયા મોટાનાં પોલીસ સ્ટેશનમાં શાસ્ત્રોક વિધિથી શસ્ત્રપૂજન કરાયુ

### પીઆઈ સહિતનાં પોલીસ કર્મીઓ જોડાયા



લીલીયા મોટા, તા. ૨૧

વિજયાદશમી એટલે કે દશેરાના પવિત્ર પર્વ નિમિત્તે લીલીયા મોટા પોલીસ સ્ટેશન ખાતે પોલીસ વિભાગ દ્વારા પરંપરાગત રીતે શસ્ત્રપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પોલીસ સ્ટેશનના પી.આઈ. એમ.ડી. સાળુંકે તથા પી.એસ.આઈ. વાય.એમ. જાડેજા સહિત પોલીસ કર્મીઓએ શાસ્ત્રોક્ત વિધિ મુજબ શસ્ત્રોની પૂજા–અર્ચના કરી હતી.હિન્દુ સંસ્કૃતિમાં શસ્ત્રપૂજા એટલે કે આયુધપૂજાનું વિશેષ મહવ છે. શસ્ત્રો શક્તિ, સાહસ, કર્તવ્યનિષ્ઠા અને રક્ષણનાં પ્રતીક માનવામાં આવે છે. દશેરાના પર્વે શસ્ત્રપૂજા કરવાની પરંપરા અનાદિકાળથી ચાલી આવે છે. પોલીસ વિભાગ માટે શસ્ત્રો માત્ર સુરક્ષાનાં સાધનો જનહીં, પરંતુ કાયદો અને વ્યવસ્થા જાળવવા તેમજ નાગરિકોની સુરક્ષા કરવાની ફરજનું પ્રતીક પણ છે.આ પ્રસંગે પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓએ પરંપરાગત ધાર્મિક વિધિ સાથે શસ્ત્રપૂજા કરી દશેરાના પર્વની ઉજવણી કરી હતી તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે

### બી.એન. વીરાણી ઉચ્ચતર માધ્યમિક શાળા દ્વારા

## અમરેલીનાં કૈલાસ મુક્તિધામ ખાતે સ્વચ્છતા અભિયાન યોજાયું

### સ્વયંસેવકોએ સફાઈ કરી સ્વચ્છતાનો સંદેશ આપ્યો



અમરેલી, તા. ૨૧

અમરેલી એનએસએસની નિયમિત પ્રવૃતિનાં ભાગરૂપે બી.એન. વિરાણી ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળા, અમરેલીએ શહેરનાં કૈલાસ મુકિતધામ ખાતે સ્વચ્છતા અભિયાન યોજવામાં આવ્યું હતું. આ પ્રવૃતિમાં સ્વયંસેવકોએ સફાઈ કરી સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો. આ અભિયાનનો હેતુવિદ્યાર્થીઓમાંસેવાભાવ, સામાજીક જવાબદારી અને સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ કેળવવાનો હતો.

### તાજેતરમાં ૧૦ થી વધુ સર્જરીઓ કરવામાં આવી

## અમરેલી : શાંતાબા જનરલ હોસ્પિટલ ખાતે સ્ત્રી રોગનાં કેન્સરની જટિલ સર્જરીઓને વેગ

### સ્થાનિક સ્તરે જ નિદાનથી લઈને યોગ્ય સારવાર સુધીની સુવિધાઓ




અમરેલી, તા. ૨૧

સ્ત્રીરોગના કેન્સરથી પીડિત મહિલાઓને સારવાર માટે મોટા શહેરોમાં જવાની મુશ્કેલી ઓછી થાય અને શકય તેટલી નિષ્ણાત સારવાર અમરેલીમાં જ ઉપલબ્ધ બને તે દિશામાં શાંતાબા જનરલ હોસ્પિટલ, અમરેલી દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે. હોસ્પિટલ ખાતે ગાયનેકોલોજીકલ કેન્સર સર્જન ડો. નિકુંજ પટેલ દ્વારા તાજેતરના સમયમાં ૧૦ થી વધુ સ્ત્રીરોગના કેન્સરની સફળ સર્જરીઓ કરવામાં આવી છે. આ સર્જરીઓ બાદ દર્દીઓની રિકવરી સંતોષકારક રહી છે. ડો. નિકુંજ પટેલને ૬ વર્ષથી વધુનો તબીબી અનુભવ છે અને તેઓ પોતાની ટીમ સાથે હજારો સર્જરીઓનો અનુભવ ધરાવે છે. હોસ્પિટલની ઓન્કો સર્જરી ટીમમાં એમ.સી.એચ. ઓન્કો સર્જન ડો. વીર શાહ અને એમ.સી. એચ. ઓન્કો સર્જન ડો. મિત રોજેસરા સહિતના નિષ્ણાત તબીબોનો પણ સમાવેશ થાય છે. આ નિષ્ણાત ટીમના સંકલનથી દર્દીઓને કેન્સરના પ્રકાર અને તબીબી જરૂરિયાત અનુસાર યોગ્ય સર્જિકલ સારવાર અનેમાર્ગદર્શન ઉપલબ્ધ કરાવવાનો પ્રયાસ કરવામાં આવે છે.

ગર્ભાશયના મુખનું કેન્સર, ગર્ભાશયનું કેન્સર, અંડાશયનું કેન્સર તથા સ્ત્રી પ્રજનનતંત્રને લગતા અન્ય કેન્સરમાં સમયસર નિદાન અને યોગ્ય સારવાર અત્યંત મહવપૂર્ણ છે. દર્દીની તબીબી સ્થિતિ, તપાસના રિપોર્ટ અને રોગના તબક્કાને ધ્યાનમાં રાખીને સર્જરીની પદ્ધતિ નક્કી કરવામાં આવે છે. યોગ્ય દર્દીઓમાં દૂરબીન દ્વારા સર્જરી (લેપ્રોસ્કોપિક સર્જરી) કરવામાં આવે છે, જયારે જરૂરિયાત મુજબ પરંપરાગત ઓપન સર્જરી પણ કરવામાં આવે છે.

કેન્સરની સારવારમાં માત્ર સર્જરી જ નહીં, પરંતુ રોગના તબક્કા અનુસાર કીમોથેરાપી, રેડિયેશન થેરાપી અને અન્ય નિષ્ણાતોની સલાહની પણ જરૂર પડી શકે છે. તેથી નિદાનથી લઈને સર્જરી, આગળની સારવાર અને ફોલોઅપ સુધી દર્દીને યોગ્ય માર્ગદર્શન મળે તે મહવપૂર્ણ છે.

આ જ હેતુને આગળ વધારવા તાજેતરમાં અમરેલીના સ્ત્રીરોગ નિષ્ણાતોની રાઉન્ડ ટેબલ બેઠક યોજાઈ હતી. બેઠકમાં કેન્સરના નિદાન બાદ દર્દીને જરૂરી તપાસ, સર્જરી અને આગળની સારવાર અમરેલીમાં જ શક્ય બને તે માટેની સુવિધાઓ, વિવિધ નિષ્ણાતો વચ્ચે સંકલન અને દર્દીઓને સમયસર યોગ્ય માર્ગદર્શન આપવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

અમરેલી અને આસપાસ ના ગ્રામ્ય વિસ્તારોની મહિલાઓને નિષ્ણાત સારવાર માટે દૂરનાં શહેરોમાં જવું પડે ત્યારે મુસાફરી, સમય અને પરિવારની વ્યવસ્થા સહિતની મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. સ્થાનિક સ્તરે નિષ્ણાત સર્જરી અને સંકલિત સારવારની સુવિધાઓ મજબૂત બને તો દર્દીઓ માટે સારવારની પ્રક્રિયા વધુ સુલભ બની શકે છે. શાંતાબા જનરલ હોસ્પિટલનો પ્રયાસ અમરેલી તથા આસપાસના વિસ્તારોની મહિલાઓને નિષ્ણાત તબીબી માર્ગદર્શન, જરૂરી સર્જરી અને રોગની જરૂરિયાત મુજબ સંકલિત કેન્સર સારવાર ઉપલબ્ધ કરાવવાનો છે. સમયસર તબીબી તપાસ કરાવવી અને નિષ્ણાતની સલાહ મુજબ સારવાર શરૂ કરવી એ આ દિશામાં મહત્વપૂર્ણ પગલું છે.

### દેવભૂમિ દેવળીયાનાં જાગૃત નાગરિકની રજુઆત

## અમરેલીનાં રાંઢીયા ગામે વર્ષ ૨૦૨૪માં થયેલ લગ્ન નોંધણીની કામગીરીની તટસ્થ તપાસ કરો

### જિલ્લા વિકાસ અધિકારીને પત્ર પાઠવવામાં આવ્યો

અમરેલી, તા. ૨૧

દેવભૂમિ દેવળીયાનાં જાગૃત નાગરિક નાથાલાલ સુખડીયાએ જિલ્લા વિકાસ અધિકારીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી તાલુકાનાં રાંઢીયા ગામે વર્ષ ૨૦૨૪માં એક વર્ષમાં થયેલ લગ્ન નોંધણી બાબત તાલુકા પંચાયત અમરેલી પાસેથી વિવિધ ગામોમાં થયેલ લગ્ન નોંધણીની આંકડાકીય માહિતી માંગેલ જેમાં રાંઢીયા ગામે વર્ષ ૨૦૨૪નાં એક વર્ષમાં ૨૬૦ લગ્ન નોંધણી રજીસ્ટરે લગ્ન નોંધણી અધિકારી દ્વારા રજીસ્ટર કરવામાં આવેલ છે. જેમાં સંપુર્ણ શંકા છે કે, નાણાકીય લાભ લઈ આવડી મોટી સંખ્યામાં નોંધણી ધંધાકીય રૂપમાં કરી આર્થિક નાણાંકીય લાભ ઉઠાવી મોટુ કોંભાડ આચરવામાં આવેલ છે. જેમાં હિન્દુ અધિનિયમ ૧૯૫૫ની બંન્ને પક્ષમાંથી કોઈપણ એક હકુમતમાં રહેતા હોવા જોઈએ અને તેના ઓળખ માટે સ્થાનિક લોકલ રહેવા હોવા જોઈએ કલમ ૮ તથા સ્પે.મેરેજ એકટ કલમ ૫ મુજબ નોંધણી અધિકારી દ્વારા સ્પે. મેરેજ એકટની કલમ ૧૯૫૪ (૫) જે જિલ્લામાં નોંધણી કરવાની હોય ત્યા ૩૦ દિવસ નિવાસ બેમાંથી કોઈપણ એક કરતા હોવા જોઈએ જેમા આ કલમોની જોગવાઈ અવગણી વિધર્મી લગ્ન નોંધ થઈ હોવાનું અમોને સંપુર્ણ શંકા છે નિયમ મુજબ એકજ ધર્મનાં હોય તો નોંધી શકાય અને હિન્દુઓની મુસ્લીમ સ્પે.મેરેજ એકટની નોંધણી કાર્યવાહી કરે તો સબરજીસ્ટ્રાર કચેરીમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવી પડે અને તે જાહેર રજીસ્ટ્રાર કચેરીમાં લગાવી પડે અને જેતે જાહેર સ્થળ પર રહેતા હોય ત્યા લગાવી પડે અને સ્પે. મેરેજમાં વાલીઓને બોલાવવા પડે તો નોંધણી અધિકારી દ્વારા આવા નિયમોનું પાલન થયેલ છે કે કેમ ? જે તપાસવું તે અત્યંત જરૂરી છે. કલમ ૩૧ (ખ) મુજબ અરજદાર જયાં–રહેતા હોય ત્યા જ લગ્ન નોંધણી થઈ શકે. અને ૩૧(ગ) પક્ષકારો જયા સ્થળે રહેતા હોય ત્યા થાય અમોને આમ જનતામાંથી મળે ગુપ્ત માહિતી મુજબ અમરેલી તાલુકાનાં રાંઢીયા ગામે લગ્ન નોંધણી માટે જુનાગઢ–ગીર સોમનાથ–રાજકોટ–અમરેલી વિગેરે જિલ્લાઓના અલગ અલગ વિસ્તારોમાંથી એક નામાંકીત કુરીયર મારફતે પેપરો અહી સુધી પહોંચતા હતા. અને ૧ લગ્ન દીઠયા રૂપિયા ૧૦,૦૦૦ વધુનાં નાણાંકીય વ્યવહારો સાથે લગ્ન નોંધણી કરવામાં આવતી હોવાનાં વિગતો આમ જનતામાંથી પ્રાપ્ત થયેલ છે. આમ લાખોનો વ્યવહાર થયેલ હોય તે સ્પષ્ટ પણે માલુમ પડેલ છે. જે બાબત અત્યંત ગંભીર હોય જેની ઉડાણ પુર્વક તપાસ થવા અને જવાબદાર સામે નિયમોસર કાર્યવાહી થવા વિનંતી છે. અને આ પ્રવૃત્તિ ૨૦૨૪ બાદ પાત્ર કાગળ ઉપર નોંધ કરી લગ્ન નોંઘણી ચડાવ્યા વગર પણ બારોબાર અનેક લગ્નો હાલ સુધી થતા હોવાનું અમોને જાણ પર આવેલ છે. તો તમામ બાબતે ગંભીરતાથી લઈ રાંઢીયા ગામનું લગ્ન નોંધણી રજીસ્ટર તાત્કાલિક અસરથી કબજે લઈ સંપુર્ણ તપાસ થવા અંતમાં માંગ કરેલ છે.

### સ્પોર્ટ્સ ઓર્થોરીટી ઓફ ગુજરાત દ્વારા

## અમરેલીમાં સિનિયર સિટીઝન રમતગમત સ્પર્ધાનું આયોજન

### ૧૫ નવેમ્બર સુધીમાં ફોર્મ ભરવાના રહેશે

અમરેલી, તા. ૨૧

વર્ષ ૨૦૨૬– ૨૭ દરમિયાન સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા સમગ્ર ગુજરાતમાં ૬૦ વર્ષથી ઉપરના ભાઈઓ અને બહેનો માટે 'સિનિયર સિટીઝન સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું છે. સિનિયર સિટીઝનનું સ્વાસ્થ્ય જળવાઈ રહે અને તેઓ રમતગમતની પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા રહે તેવા ઉદ્દેશ્ય સાથે આ યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ અંતર્ગત અમરેલી જિલ્લામાં જિલ્લા રમત ગમત અધિકારી દ્વારા એથ્લેટીકસ, વોલીબોલ, યોગાસન, ચેસ, કેરમ, રસ્સાખેંચ અને ટેનીસબોલ ક્રિકેટ સહિત કુલ ૭ રમતોનું આયોજન કરવામાં આવનાર છે.

આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા અમરેલી જિલ્લાના સિનિયર સિટીઝન ખેલાડીઓએ જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી ખાતેથી અરજી ફોર્મ મેળવી લેવાના રહેશે. સંપૂર્ણ વિગતો સાથે ભરેલા આ ફોર્મ તા. ૧૫/૧૧/૨૦૨૬ સુધીમાં જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ગોળ દવાખાનાની બાજુમાં, ચિત્તલ રોડ, અમરેલી ખાતે રૂબરૂ આવીને જમા કરાવવાના રહેશે. આ રમતગમત કાર્યક્રમની ચોક્કસ તારીખ અને સ્થળની વિગતવાર જાણ ખેલાડીઓની એન્ટ્રીઓ મળ્યા બાદકરવામાં આવશે. આ સ્પર્ધા અંગે વધુ માહિતી કે પૂછપરછ માટે ટેલીફોન નંબર ૦૨૭૯૨–૨૯૯૦૬૧ ઉપર સંપર્ક કરવો તેમ જિલ્લા રમત ગમત અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

# દામનગર ખાતે ડો. જીતેન્દ્ર પટેલ અને તેની ટીમ દ્વારા નિ:શુલ્ક હોમિયોપેથીક કેમ્પ યોજાયો




દામનગર ખાતે કાર્યરત પરમાર્થ નિઃશુલ્ક કન્યા છાત્રાલયમાં અભ્યાસ કરતાં ૧૧૦ થી વધુ દીકરીઓનું ડો. જીતેન્દ્રભાઈ પટેલ અને ટીમ દ્વારા નિઃશુલ્ક હોમિયોપેથીક નિદાન કેમ્પ કરવામાં આવ્યો હતો. શિક્ષણની સાથે સ્વાસ્થ્યની સંભાળ પણ મળે ત્યારે જ દીકરીઓ આત્મવિશ્વાસ સાથે પોતાના ઉજ્જવળ ભવિષ્ય તરફ આગળ વધી શકે એ જ હેતુ એવમ સેવાકીય ભાવથી દીકરીઓને શિક્ષણની સાથે આરોગ્યની યોગ્ય સંભાળ મળી રહે તેવા સેવાભાવી અભિગમ સાથે પરમાર્થ ટ્રસ્ટ, દામનગર ખાતે ૧૧૦ થી વધુ દીકરીઓનું વ્યક્તિગત હોમિયોપેથીક આરોગ્ય નિદાન કરવામાં આવ્યું હતું. આ સેવાકીય કાર્ય અમરેલી ખાતે આવેલ સંસ્કાર હોમિયોકેરના ડો. જીતેન્દ્રભાઈ પટેલ અને તેમની ટીમ દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું. પરમાર્થ ટ્રસ્ટ દ્વારા દીકરીઓને નિઃશુલ્ક શિક્ષણની સાથે રહેવા સહિતની સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. સાથોસાથ એ દીકરીઓની આધ્યાત્મિક પ્રવૃત્તિઓ પણ સે કોઈને અચરજ પમાડે એવી છે. દીકરીઓના શૈક્ષણિક ઘડતરની સાથે તેમના આરોગ્ય પ્રત્યે પણ જાગૃતિ અને સંવેદનશીલતા જળવાઈ રહે તે હેતુથી આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આરોગ્ય નિદાન કેમ્પ દરમિયાન ડો. જીતેન્દ્રભાઈ પટેલે ૧૧૦ થી વધુ દીકરીઓની વ્યક્તિગત રીતે તપાસ કરી તેમની આરોગ્યલક્ષી જરૂરિયાતોને પ્રયાનમાં રાખીને તબીબી માર્ગદર્શન પૂરૂ પાડયું હતું તેમજ આગળ પર દીકરીઓના સ્વાસ્થ્ય માટે દર મહિને કેમ્પ કરવામાં આવશે.

## સમસ્ત ગ્રામજનો છેલ્લા દોઢ દાયકાથી ગટરની સમસ્યાથી પીડિત

# લીલીયામાં ગટર લાઈનની કામગીરી બાદ માર્ગોની હાલત દયનીય

**પદાધિકારીઓ અને અધિકારીઓ અનેક બદલાયા છતાં સમસ્યાનું કાયમી નિરાકરણ કોઈ કરી શકતા નથી**

**ગ્રામજનો રજૂઆત, આંદોલન કરીને થાકી ગયા છતાં હજુ પણ સમસ્યા મુળમાંથી દૂર નથી થઈ**

**ટેક્નોલોજીનાં યુગમાં નાનાએવા ગામની સમસ્યા દૂર થતી નથી કે કરાતી નથી તે સમજાતુ નથી**

**દિવાળીનાં તહેવારો આવી રહ્યા હોય તે પહેલા તમામ માર્ગોની મરામત થાય તે જરૂરી છે**



લીલીયા મોટા, તા. ૨૧

લીલીયા મોટા શહેરમાં ગટરલાઈનના કામ બાદ રસ્તાઓની સ્થિતિ કફોડી બની રહી છે. ખાસ કરીને હાલમાં રેલ્વે સ્ટેશન રોડ પર ચાલી રહેલા ગટરકામના કારણે રસ્તાની સપાટી ઊંચી–નીચી થઈ જતાં સ્થાનિક રહેવાસીઓ અને વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. કેટલાક સ્થળોએ રસ્તાની હાલત એવી જોવા મળી રહી છે કે જાણે મકાનો રસ્તાની સપાટી કરતાં નીચા ઊતરી ગયા હોય તેમ જણાય છે.

સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, ગટરલાઈનનું કામ પૂર્ણ થયા બાદ રસ્તાને યોગ્ય રીતે સમતળ કરવામાં ન આવતાં અવરજવરમાં મુશ્કેલીઓ ઊભી થઈ રહી છે. દિવાળીના તહેવારના દિવસોમાં બજારમાં અને રસ્તાઓ પર લોકોની અવરજવર વધતી હોવાથી આ સમસ્યા વધુ ગંભીર બની શકે છે. લીલીયા મોટા શહેરમાં જ્યાં જ્યાં ગટરકામ પૂર્ણ થઈ ગયું છે, ત્યાં કોન્ટ્રાકટર દ્વારા લોડર સહિતનાં સાધનોની મદદથી રસ્તાને યોગ્ય રીતે લેવલ કરી અવરજવરને અનુકૂળ બનાવવામાં આવે તેવી લોકોની માંગ ઉઠી છે. હવે તંત્ર અને સંબંધિત કોન્ટ્રાકટર દ્વારા આ સમસ્યાને ગંભીરતાથી લઈ તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છે. ગટરકામ બાદ રસ્તાઓની સમારકામ અને લેવલિંગની કામગીરી સમયસર પૂર્ણ થાય તો નાગરિકોને રાહત મળી શકે તેમ છે. દિવાળીના પર્વ પહેલાં રસ્તાઓને સમતળ કરવાની કામગીરી હાથ ધરવામાં આવે તેવી લીલીયા શહેરના નાગરિકોમાંથી માંગ ઉઠી રહી છે. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## અમરેલી જિલ્લાના દર્દીઓને મળશે આધુનિક સારવાર

# સાવરકુંડલામાં રૂ. ૫૫ કરોડના ખર્ચે બનશે સુપર મલ્ટીસ્પેશિયાલિટી સરકારી હોસ્પિટલ

**હોસ્પિટલમાં આધુનિક બિલ્ડિંગ, અત્યાધુનિક લેબોરેટરી અને વિવિધ તબીબી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા આયોજન**

અમરેલી, તા. ૨૧

જિલ્લાના સાવરકુંડલા શહેરમાં આરોગ્ય સુવિધાઓને વધુ આધુનિક અને સુદ્રઢ બનાવવા માટે મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. શહેરમાં આવેલી કે.કે. સરકારી હોસ્પિટલને અંદાજે રૂ.૫૫ કરોડના ખર્ચે અત્યાધુનિક સુપર મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ તરીકે વિકસાવવામાં આવી રહી છે. આ હોસ્પિટલનું નિર્માણ પૂર્ણ થયા બાદ સાવરકુંડલા સહિત સમગ્ર અમરેલી જિલ્લાના દર્દીઓને આધુનિક આરોગ્ય સેવાઓનો લાભ મળી શકશે. ખાસ કરીને ગંભીર બીમારીઓની સારવાર માટે રાજકોટ અને અમદાવાદ સુધી જવાની દર્દીઓની મજબૂરીમાં ઘટાડો થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

સાવરકુંડલામાં નિર્માણ પામી રહેલી આ હોસ્પિટલને જિલ્લા કક્ષાની હોસ્પિટલનો દરજ્જો આપવાની દિશામાં પણ કામગીરી થઈ રહી છે. આ હોસ્પિટલમાં આધુનિક બિલ્ડિંગ, અત્યાધુનિક લેબોરેટરી અને વિવિધ

અનુસંધાન પાના ૬ ઉપર

## અમરેલી જિલ્લાનાં માર્ગો બન્યા અસલામત

# જાફરાબાદનાં લુણસાપુર નજીક પાછળથી ધસી આવેલ ટ્રકે બાઈકને હડફેટે લઈ ચાલકને કચડી નાખ્યો

**૨૨ વર્ષિય ભરત શિયાળે ઘટનાસ્થળે જ દમ તોડયો : પોલીસ તપાસનો ધમધમાટ**



અમરેલી, તા. ૨૧

જાફરાબાદ તાલુકાના લુણસાપુર નજીક બાઈક અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતાં ૨૨ વર્ષીય બાઈક ચાલકનું ઘટના સ્થળે જ કરૂણ

અનુસંધાન પાના ૬ ઉપર












## શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ ખેતિવાડી ઉત્પન્ન બજાર સમિતિ–અમરેલી

### જાહેર હરરાજી

શ્રી ખેતિવાડી ઉત્પન્ન બજાર સમિતિ–અમરેલી દ્વારા સાવરકુંડલા રોડ ઉપર આવેલ મુખ્યયાર્ડમાં નીચે જણાવેલ વિગતેની મિલ્કત માસિક ભાડુ ફકત રૂા.૧૧/– લેખે ૯૯ વર્ષનું ભાડુ રૂા. ૧૩,૦૬૮/– એકી સાથે લઈને આ મિલ્કત કાયમી ભાડા પટ્ટાથી જાહેર હરરાજી કરી આપવાની છે. જેમાં ભાગ લેવા ઈચ્છુક વેપારી, પેઢી, સંસ્થા, બેંક કે વ્યકિત નીચે જણાવેલ તારીખે ભાગ લઈ શકશે. અરજી ફોર્મ અમરેલી સબ માર્કેટયાર્ડની ઓફીસમાંથી રજાના દિવસો સિવાય ઓફીસ સમય દરમ્યાન રૂા.૨૦૦–૦૦ (નોન રીફન્ડેબલ) ફી રોકડેથી ભરીને મેળવી શકાશે. જાહેર હરરાજીમાં ભાગ લેવા નીચે ટેબલમાં બતાવ્યા પ્રમાણેની ડીપોઝીટની રકમ સંસ્થામાં **"શ્રી ખેતિવાડી ઉત્પન્ન બજાર સમિતિ,અમરેલી"**ના નામનાં ડિમાન્ડ ડ્રાફટથી જમા કરાવવાની રહેશે.ડીપોઝીટ વગરનાં અરજીફોર્મ સ્વિકારવામાં નહી આવે અને તેવા કોઈપણ ઈસમોને હરરાજીમાં ભાગ લેવા દેવામાં આવશે નહી. **કોરા અરજીફોર્મ મેળવવાનો તથા ભરેલા અરજીફોર્મ સ્વિકારવાનો સમય તા.૨૨/૧૦/૨૦૨૬ થી તા.૩૦/૧૦/૨૦૨૬ સુધીનો રહેશે.** ભરેલા અરજીફોર્મ સંસ્થામાં રૂબરૂ સ્વિકારવામાં આવશે. હરરાજી અંગેની તમામ વિગતો, શરતો, માપ–સાઈઝ, અરજીફોર્મમાં આપવામાં આવેલ છે. તેમજ સંસ્થામાંથી ઓફીસ સમય દરમ્યાન જોવા મળી શકશે.

| ક્રમ નં. | મિલ્કતની વિગત | સાઈઝ | અપસેટ કિંમત રૂા. | ડીપોઝીટ રૂા. |
|---|---|---|---|---|
| 1 | **નવા માર્કેટયાર્ડમાં નવી ૪૦ વીઘા જમીનમાં પૂર્વ દિશા બાજુએ ખુલ્લા પ્લોટ** | | | |
| | (એ) પ્લોટ નં.૩૦ બાઉન્ડ્રી વોલનાં ખુણાવાળો | ૭૫૯.૧૪ ચો.મી. | ૪૪,૪૦,૦૦૦–૦૦ પ્રતિ પ્લોટ | ૫.૦૦ લાખ પ્રતિ પ્લોટ |
| | (બી) પ્લોટ નં.૩૧ ૧૦૦ ફુટ મેઈન રોડ ટચ કોર્નર પ્લોટ | ૭૯૫.૦૦ ચો.મી. | ૫૪,૪૦,૦૦૦–૦૦ પ્રતિ પ્લોટ | ૫.૦૦ લાખ પ્રતિ પ્લોટ |
| | (સી) પ્લોટ નં.૩૨ ૧૦૦ ફુટ મેઈન રોડ ટચ કોર્નર પ્લોટ | ૮૮૨.૪૫ ચો.મી. | ૫૯,૪૦,૦૦૦–૦૦ પ્રતિ પ્લોટ | ૫.૦૦ લાખ પ્રતિ પ્લોટ |
| | (ડી) પ્લોટ નં.૩૩ બાઉન્ડ્રી વોલનાં ખુણાવાળો | ૭૬૨.૭૨ ચો.મી. | ૪૪,૪૦,૦૦૦–૦૦ પ્રતિ પ્લોટ | ૫.૦૦ લાખ પ્રતિ પ્લોટ |

### :: હરરાજીનું સ્થળ અને સમય ::

**સબ ( જુના ) માર્કેટયાર્ડની ઓફીસમાં, તા.૩૧/૧૦/૨૦૨૬ ને શનિવાર, સમય ૧૧:૦૦ કલાકે**

**નોંધ :–** હરરાજી કરવી, મોકુફ રાખવી, સમય– તારીખમાં ફેરફાર કરવા તથા હરરાજીને સંલગ્ન તમામ બાબતોનાં અધિકાર શ્રી ખેતિવાડી ઉત્પન્ન બજાર સમિતિ, અમરેલીને અબાધિત રહેશે.

**તુષાર એચ. હપાણી**
સેક્રેટરી
ખે.ઉ.બ.સમિતિ–અમરેલી

**ચંદુભાઈ બી.પોલરા**
વાઈસ ચેરમેન
ખે.ઉ.બ.સમિતિ–અમરેલી

**ભાવિનભાઈ જે.સોજીત્રા**
ચેરમેન
ખે.ઉ.બ.સમિતિ–અમરેલી

**શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ ખેતિવાડી ઉત્પન્ન બજાર સમિતિ–અમરેલી**

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)